**આજનો સુવિચાર**

છેવટે અન્યાય સહન કરનાર કરતા, અન્યાય કરનાર માણસ વધારે દુઃખી થાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૨૪ જૂનાગઢ તા.૦૮-૦૧-૨૦૨૫ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 24, Junagadh : Date : 08 January, 2025, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## નલીયા અને ગિરનાર પર સીઝનનું સૌથી ઓછું ૩.૪ ડીગ્રી તાપમાન નોંધાયું

રાજકોટ તા. ૮ : રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ફરી પારો સતત નીચે ઉતરી રહ્યો છે. જેના કારણે ઠંડીમાં સતત વધારો થઈ રહ્યો છે.

આજે કચ્છના નલીયા અને ગિરનાર પર્વત ઉપર સૌથી નીચુ ૩.૪ ડીગ્રી, રાજકોટમાં ૭.૩ ડીગ્રી, ડીસા ૮.૮, ભુજ ૯.૨, જામનગર ૧૧, અમરેલીમાં ૧૧.૭ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે.

જૂનાગઢ શહેર નજીક ગિરનાર પર્વત પર આજે સવારે તાપમાનમાં ઘરખમ ઘટાડો થતાં સિઝનનું સૌથી નીચું ૩.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

ગિરનાર પર્વત પર ૧૦ ડિગ્રી તાપમાન રહ્યા બાદ આજે સવારે તાપમાનનો પારો એક જ દિવસમાં ૬.૬ ડિગ્રી ઘટીને ૩.૪ ડિગ્રીએ સ્થિર થતાં સમગ્ર ગિરનાર પર્વત ઠંડોગાર થઈ ગયો હતો. તેના પરિણામે પર્વત પર પાણી બરફ જેવું થઈ ગયું હતું. એક જ દિવસમાં ૬.૬ ડિગ્રી ઠંડી વધતા ગિરનારની યાત્રાએ આવેલા પ્રવાસીઓ સહિતના લોકોની હાલત દયાજનક થઈ ગઈ હતી.

## ચીનમાં HMPV વાયરસે હાહાકાર મચાવ્યો : વુહાનમાં શાળાઓ બંધ કરાઈ

વુહાન તા.૮ 'હ્યુમન મેટાપ્યુમો' એ વિશ્વને ડરાવવાનું શરૂ કર્યું છે. ચીનમાં વાઈરસને કારણે સ્થિતિ વણસી ગઈ છે. વુહાનમાં શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. અહીં ૧૦ દિવસમાં HMPV નાં કેસમાં ૫૨૯ ટકાનો વધારો થયો છે. બાળકોમાં વધી રહેલા કેસને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ચીનમાં વાઈરસના કારણે હલચલ મચી ગઈ છે. એન્ટિવાયરલ દવાઓની ભારે અછત છે. એન્ટિવાયરલ દવાઓનું બ્લેક માર્કેટિંગ શરૂ થઈ ગયું છે. વાઈરસના વધતા જતા કેસોને કારણે WHO પણ તણાવમાં આવી ગયું છે. તેણે ચીન પાસેથી HMPV વિશે સંપૂર્ણ માહિતી માગી છે. ચીન હજુ પણ HMPV કેસોની માહિતી છુપાવી રહ્યું છે. ભારતમાં HMPV વાઈરસના ૮ કેસ નોંધાયા છે. મંગળવારે મહારાષ્ટ્રના નાગપુરમાં ૨ કેસ નોંધાયા હતા. અહીં એક ૧૩ વર્ષની છોકરી અને ૭ વર્ષનો છોકરો સંક્રમિત જોવા મળ્યો છે.

## પોલીસ ભરતી માટે કડકડતી ઠંડીમાં ઉમેદવારોની દોડ


### આજથી રાજયના ૧૫ પરીક્ષા કેન્દ્રો પર ૧૦ લાખથી વધુ ઉમેદવારોની પ્રેકટીકલ પરીક્ષાનો પ્રારંભ


અમદાવાદ તા.૮ રાજ્યના પોલીસ વિભાગમાં ૧૨,૪૭૨ જગ્યા પર ભરતી કરવા માટે આજથી રાજ્યના ૧૫ પરીક્ષા કેન્દ્રો (ગ્રાઉન્ડ) પર ૧૦ લાખથી વધુ ઉમેદવારોની પ્રેકટિકલ પરીક્ષાનો પ્રારંભ થયો છે. આજથી શરૂ થયેલી પરીક્ષા આપવા માટે ઉમેદવારો વહેલી સવારે કડકડતી ઠંડીમાં જ પરીક્ષા કેન્દ્રો પર પહોંચ્યા હતા અને ખાખી માટે દોડ લગાવી હતી. મહિલા ઉમેદવારોની સાથે તેમના વાલીઓ પણ પરીક્ષા કેન્દ્રોની બહાર હાજર જોવા મળ્યા હતા. પરીક્ષા કેન્દ્રો પર સફળ થયેલા ઉમેદવારોમાં ખુશીનો માહોલ જયારે નિષ્ફળ થયેલા ઉમેદવારો નિરાશ જોવા મળ્યા હતા જો કે, આ સમયે અન્ય ઉપસ્થિત પરિવારજનો અને ઉમેદવારો એકબીજાને દિલાસો આપતા દેખાયા હતા.

રાજ્યના પોલીસ વિભાગમાં ભરતી કરવા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડની રચના કરવામાં આવી હતી. ત્યાર બાદ બોર્ડ પોલીસની ૧૨,૪૭૨ જગ્યાઓની ભરતી માટે ૧૬ લાખ ઉમેદવારોએ અરજી કરી હતી.

જોકે, બિન-હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને લોકરક્ષક કેડરમાં ૧૦,૭૩,૭૮૬ ઉમેદવાર કન્ફર્મ થયા છે.

## ટ્રમ્પ એકશન મોડમાં : કેનેડાને અમેરીકાનું ૫૧મું રાજય જાહેર કરતો નકશો દર્શાવતા ખળભળાટ





વોશિંગ્ટન તા.૮ અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હાલમાં હાયપરએક્ટિવ મોડમાં છે. તેમણે શપથ લેતા પહેલા જ પોતાના એજન્ડા પર કામ કરવાનું શરૂ કરી દીધું છે. તેમના ઈરાદા સ્પષ્ટ છે કે તેઓ કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવા માટે મક્કમ છે. આ અંગે તેણે હવે અનુક્રમે બે નકશા પણ શેર કર્યા છે.

ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર બે નકશા શેર કર્યા છે. આમાંના એક નકશામાં તેમણે કેનેડાને અમેરિકાનું રાજ્ય બતાવ્યું છે, જ્યારે બીજા નકશામાં તેમણે કેનેડાને લઈને પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો છે, જેને લઈને હવે વિવાદ શરૂ થઈ ગયો છે અને કેનેડાના નેતાઓએ ટ્રમ્પને બેફામ જવાબો આપવાનું શરૂ કર્યું છે. કેનેડાએ તેને અસ્વીકાર્ય ગણાવ્યું છે.

## હવે માર્ગ અકસ્માતમાં રૂા.૧.૫૦ લાખ સુધીની કેશલેસ સારવાર મળશે

### આગામી માર્ચના અંતથી અમલ કરવા સરકારની તૈયારી : નીતીન ગડકરીએ જાહેરાત કરી

નવી દિલ્હી, તા.૮: કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ માર્ગ અકસ્માત પીડિતો માટે કેશલેસ સારવાર માટે નવી યોજનાની જાહેરાત કરી છે. જો અકસ્માતના ૨૪ કલાકની અંદર પોલીસને જાણ કરવામાં આવે તો આ સ્કીમ પીડિતાના ૭ દિવસ અથવા વધુમાં વધુ ૧.૫ લાખ રૂપિયા સુધીના સારવારના ખર્ચને આવરી લેશે. હિટ એન્ડ રન કેસમાં મૃત્યુના કિસ્સામાં મૃતકના પરિવારને ૨ લાખ રૂપિયા મળશે. આ યોજના દેશભરમાં લાગૂ થશે અને રસ્તા પર કોઈ પણ પ્રકારની દુર્ઘટના માટે માન્ય રહેશે. ગડકરીએ અનેક રાજયોના પરિવહન મંત્રીઓ સાથેની બેઠક બાદ આ માહિતી આપી હતી. તેમણે માર્ગ સલામતી, જૂના વાહનોને સ્ક્રેપિંગ અને ભારતના ઓટોમોબાઈલ ઉદ્યોગના વિકાસ પર પણ પ્રકાશ પાડ્યો હતો.

આ યોજના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય પ્રાધિકરણ (NHA), પોલીસ, હોસ્પીટલ અને રાજય સ્વાસ્થ્ય એજન્સીઓના સહયોગથી લાગૂ થશે. આ આઈટી પ્લેટફોર્મ દ્વારા સારવારનો સંપૂર્ણ ખર્ચ સરકાર ભોગવશે. ગડકરીના કહેવા પ્રમાણે, અમે આ કેશલેસ પ્રોજેક્ટને કેટલાક રાજયોમાં પાઈલોટ કર્યો હતો. અમને યોજનામાં કેટલીક નબળાઈઓ મળી. અમે તેમને સુધારી રહ્યા છીએ અને તે ચોક્કસપણે ફાયદાકારક રહેશે.ઘાયલોને ૭ દિવસ સુધી પ્રતિ દુર્ઘટના, પ્રતિ વ્યકિત વધુમાં વધુ દોઢલાખ સુધીની સારવાર કેશલેસ મળશે.

## :: સમાચાર રાઉન્ડ અપ ::

- ભારતમાં મતદારોની સંખ્યા ૧૦૦ કરોડના આંકને સ્પર્શવાની નજીક-મુખ્ય ચૂંટણી કમિશ્નર
- તિબેટમાં આવેલા ભૂકંપનો મૃત્યુઆંક ૧૨૬
- અમદાવાદના ફલાવર-શોમાં કદની દૃષ્ટીએ સૌથી મોટો ફલાવર બુકે - ગિનિશ રેકોર્ડ સર્જાયો.
- માઈક્રોસોફ્ટ ભારતમાં 3 અબજ ડોલરનું રોકાણ કરશે : ૧ કરોડ લોકોને એઆઈની તાલીમ આપશે-સત્ય નડેલા
- હરીયાણા-પંજાબ બોર્ડર પર અનશન પર ઉતરેલા ખેડુત નેતા જગજીતસિંહ ડલેવાલની સ્થિતિ અત્યંત નાજુક
- બાંગ્લાદેશમાં વધુ એક ભૂતપૂર્વ વડાપ્રધાન ખાલીદા જીયાએ પણ દેશ છોડી દીધો
- ૧૫ દિવસમાં ઘઉંના ભાવમાં ૮ ટકાનો વધારો
- ૧૮૩ દેશોના 33 લાખથી વધુ લોકોએ મહાકુંભ મેળાની વેબસાઈટની મુલાકાત લીધી.
- ટીવી જોવાનું મોંઘુ બનશે : ફેબ્રુઆરીથી ચેનલો ભાવ વધારશે


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

આશીષ બાબરીયા
મો. ૯૪૯૯૭ ૫૧૯૫૦



**પટેલ ગોલ્ડ**
પેરેગોન કોમ્પ્લેક્ષ, એમ.જી. રોડ, રાણાવાવ ચોક, જૂનાગઢ

GALLANTT ISPAT LTD.
WE ARE HIRING
Gallantt Ispat Ltd., one of the largest & ever-growing Steel company in Western Region has openings for the post of :
• Area Sales Officer - Junagarh
• Area Sales Officer - Vadodara
• Area Sales Officer - Bhuj
• Marketing Coordinator
Plant office at Samakhiali, Distt: Kutch
Requirement: • Candidate should have Marketing & Sales experience of minimum 3-4 years in Steel/Cement Industry • Good Communication skills • Knowledge in ERP operations and Ms Excel.
Please Send your CV & Application to:
hr.metal@gallantt.com

**રોટ.. રોટ.. રોટ..**
પવિત્ર રજબ મહિના નિમિત્તે રોજે રોજનું તાજુ રોટ મળશે.
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

**મકાન વેંચવાનું છે**
જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે
:: કોન્ટેક ::
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
જય બ્રહ્માણી માં　　જય ખોડીયાર
ભુપતભાઈ ખુટ　　મો. ૮૧૪૦૧ ૫૨૩૩૬



વઘારેલા ખમણ - કોરા ખમણ - સુરતી ખમણી નાયલોન ખમણ
**પૃષ્ટિ સુરતી ખમણ**
દર અમાસે દુકાન બંધ રહેશે
શુભ પ્રસંગે ઓર્ડર લેવામાં આવશે
પટેલ સમાજની સામે, જોષીપુરા, જૂનાગઢ

**॥ ઓમ હરિ ॥**
**છાશ મસાલો**



છાશ, લીંબુ સરબત, પાણીપુરી તથા ફ્રુટનો સ્પે. મસાલો,
મો. ૯૮૨૫૨ ૧૦૩૪૬
અપ્સરા ફૂડ્સ, મધુરમ, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
**સીઝન સ્પેશિયલ સિંગતેલ**




ફેકટરી એડ્રેસ :
ગ્રીન - બે ફાર્મ્સ પ્રાઈવેટ લિમિટેડ
સર્વે નં. ૩૫૧, મુ. કણઝડી, તા. વંથલી, જી. જૂનાગઢ
ગુજરાત - ૩૬૨ ૬૧૦
મો. +૯૧ ૯૭૨૭૭ ૭૧૭૦૩

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
+ CBC - લોહીના કણોની તપાસ
+ RBS - સુગરની તપાસ
+ HbA1c - સરેરાશ સુગરની તપાસ
+ Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
+ SGPT & SGOT - લીવરની તપાસ
+ Creatinine - કિડનીની તપાસ
+ Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
+ TSH - થાઈરોઈડની તપાસ
+ Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ
હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
+
+ Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
+ Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશિયમ નું લેવલ
+ I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
+ Ferritin - લોહીમાં લોહતત્વનું પ્રમાણ
+ T3 T4 TSH - થાઈરોઈડની સંપૂર્ણ તપાસ
કિંમત 749/- ~~2870/-~~
કિંમત 1349/- ~~5060/-~~
સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.



### સ્વૈચ્છીક નિવૃતીના માર્ગે પ્રયાણ કરનાર

# જૂનાગઢના લોકપ્રિય જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાને ભાવભરી વિદાય

## જૂનાગઢના આંગણે ક્યારેય ન યોજાયો હોય તેવો સન્માનનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૮

જૂનાગઢ શહેરમાં ગઈકાલે એક અદભૂત અને અવિસ્મરણીય કાર્યક્રમ યોજાયો હતો. જૂનાગઢ અને સોરઠની જનતાના દીલમાં વસેલા લોકપ્રિય જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાને ગૌરવભેર વિદાય આપવાનો પ્રસંગ હતો અને ઠેર-ઠેર માનવ મહેરામણ ઉમટી પડયું હતું અને જૂનાગઢમા કયારેય પણ ન યોજાયો હોય તેવા સન્માન સાથે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાને સન્માનીત કરી અને ભાવભરી વિદાય આપવામાં આવી હતી. જૂનાગઢના હાર્દ સમા મોતીબાગ-રાયજીબાગ વિસ્તારમાં ગઈકાલે માનવ મહેરામણ ઉમટયું હતું. જૂનાગઢનાં જાંબાજ પોલીસ અધિક્ષક અને પ્રજા માટે અવિરત કાર્ય કરતા એવા લોકપ્રિય પોલીસ અધિકારી હર્ષદ મહેતાએ સ્વૈચ્છિક નિવૃતિ લેતા તેને ભવ્ય વિદાય આપવા સમગ્ર જૂનાગઢ ઉમટયું હતું. જૂનાગઢમાં ગત પહેલી જૂન ૨૦૨૩નાં રોજ પોલીસ અધિક્ષકનાં હોદ્દા ઉપર હર્ષદ મહેતાએ ચાર્જ સંભાળતા પોલીસ તંત્રમાં આમુલ ફેરફારો કર્યા, ટ્રાફિકની સમસ્યા હોય કે, પ્રજાને પીડા આપતા અસામાજીક તત્વોની રંજાડ હોય, એસપી હર્ષદ મહેતાએ નિષ્ઠાપૂર્વક કાર્ય કરી પોલીસતંત્ર અને પ્રજા વચ્ચે મિત્રતાનાં દર્શન કરાવ્યા છે જૂનાગઢ જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ તેમણે જાહેર મંચ ઉપરથી ખુબ સહજ ભાવમાં કહ્યું, પ્રજાનો જબ્બર પ્રેમ અને સ્નેહ જોઈ એટલું ચોક્કસ કહીશ કે, મારા કાર્યકાળમાં કોઈ સંનિષ્ઠ અધિકારીને આવું સન્માન થતા પહેલી વખત અનુભવ કરૂ છું. કલેકટરનાં આ વિધાનથી જૂનાગઢની હજારોની જનમેદનીએ તાલીઓનાં ગડગડાટથી વાતાવરણ દિવ્ય બનાવી દીધું હતું. રાયજીબાગ ખાતે ખુલ્લી જીપમાં સેવા નિવૃત પોલીસ અધિકારી હર્ષદ મહેતા પ્રજાનું સન્માન સ્વીકારતા નીકળતા પ્રથમ રાયજીબાગ ખાતે સોસાયટીનાં હોદ્દેદારો, દાસારામ કંપની અને ખાનગી શાળા સંચાલક મંડળ, બ્રહ્માનંદ વિદ્યા મંદિર-ચાપરડા સંસ્થાના હોદ્દેદારોએ અદકેરૂ સ્વાગત કર્યું હતું. મોતીબાગ ખાતે સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન, શ્યામવાડી સંસ્થા તેમજ કાલરીયા સ્કુલ ખાતે ટ્રસ્ટીગણ અને જૂનાગઢ સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશનના પ્રમુખ સુનિલભાઈ નાવાણી, કોર્પોરેટર કિશોરભાઈ સહિત હોદ્દેદારો અને કાલરીયા-ભાલોડીયા સ્કુલના બાળકોએ ડ્રગ્સ વિરોધી અભિયાનનાં પોસ્ટરો અને બલુન એસપી હર્ષદભાઈનાં વરદ્ હસ્તે આકાશમાં ગુબારાને પ્રવાહિત કરતા વાતાવરણ રોમાંચિત થઈ ઉઠયું હતું. ગિરનાર સ્કુલ, ગિરનાર હાઉસીંગ આવાસ અને સૂરજ ફન વર્લ્ડ સામે રહેતા સોસાયટીનાં રહીશો પણ ઉમળકાભેર લોકપ્રિય અમલદાર હર્ષદભાઈનું અભિવાદન કરી વિદાયમાનમાં જોડાયા હતા. જૂનાગઢ પોલીસ તંત્રમાં કોન્સ્ટેબલથી શરૂ કરી ડીવાયએસપી સુધીનાં તમામ કર્મચારીઓ પણ પોતાનાં લોકપ્રિય અધિકારીને વિદાય આપવા જોડાતા સાંજના ૪ થી ૬ વાગ્યા સુધી આખું જૂનાગઢ વિદાયમાનમાં જોડાયું હતું.

બહાઉદ્દીન કોલેજનાં પટાંગણમાં સાંજે ૭ વાગ્યે શરૂ થયેલા વિદાયમાન કાર્યક્રમમાં મેંદરડા ખાખી મઢી આશ્રમનાં મહંત સુખરામદાસબાપુએ પુષ્પગુચ્છ અર્પણ કરી હવે પછીનાં જીવનમાં સેવાની ધુણીને અખંડ જાળવી રાખવા આશિર્વાદ પાઠવ્યા હતા. કલેકટર અનિલકુમાર રાણાવસિયા, ડીડીઓ સાંગવાન, ડીસીએફ જોષી, મ્યુનિસિપલ કમિશ્નર ડો.ઓમપ્રકાશ અને જીલ્લા પંચાયતનાં પ્રમુખ હરેશ ઠુંમરે પુષ્પહારથી હર્ષદ મહેતાનું અદકેરૂ સન્માન કર્યું ત્યારે સાક્ષી તરીકે જૂનાગઢની પ્રજા હતી. પ્રારંભમાં લોકસાહિત્યકાર રાજભા ગઢવીએ પોતાની હેતાળ શૈલીમાં કહ્યું કોઈપણ ક્રાંતિ પાછળ શાંતિ હોય છે. પ્રજાનાં પ્રેમનો દરિયો આજે હીલોળા લે છે તેનાં પાછળ એસપી હર્ષદભાઈની કાર્યનિષ્ઠા જોવા મળે છે. સ્વાગત પ્રવચન ડીવાયએસપી ઠાકોરે કર્યું હતું. જ્યારે કાર્યક્રમનાં અંતે 'મેં પલ દો પલકા શાયર હું, પલ દો પલ મેરી કહાની હૈ' ના ગીત સાથે ફરજનિષ્ઠ અધિકારી હર્ષદ મહેતાનાં કાર્યોની નોંધ સાથે એક નાનકડી વિડીયો કલીપ નિહાળી જૂનાગઢની જનતાએ કહ્યું આવજો મહેતા સાહેબ, જૂનાગઢ તમને કયારેય નહીં ભુલે.

### જૂનાગઢની જનતાનો હું કાયમી ઋણી રહીશ : હર્ષદ મહેતા

જૂનાગઢ તા. ૮

જૂનાગઢની પ્રજાનો પ્રેમ તથા પોલીસ પરિવારની અખંડ લાગણી જોઈ ગદગદિત થઈ ઉઠેલા હર્ષદ મહેતાએ કહ્યું હું જૂનાગઢનો કાયમી ઋણી રહીશ. જૂનાગઢ માટે પોલીસે જે કાર્ય કર્યું તેમાં કયાંય ચૂક થઈ હોય તો દરગુજર કરશો પણ પ્રજાનો અખુટ પ્રેમથી જ આ કાર્ય કરી શકયો છું. મારૂ જે સન્માન થયું છે તેનો સ્વીકાર કરી કહ્યું કે, જીવનનાં પાંચ દાયકા બાદ માદરે વતન ધારી તાલુકાના ગરમલી ગામે માતા-પિતા અને પરિવાર સાથે રહેવું છે અને કુદરતના ખોળે જીવવું છે. પોલીસ તંત્રની કાર્યનિષ્ઠા પાછળ સરકારનાં ગૃહ વિભાગ, સ્થાનિક નેતાગીરી અને આઈજી તથા ડીઆઈજી તમામનાં ભરપૂર સહયોગની સરાહના કરી આ મારૂ સન્માન નહીં પણ સમગ્ર જૂનાગઢની પોલીસ ટીમનું સન્માન હોવાનું ગૌરવભેર જણાવ્યું હતું.

# વેરાવળની રેયોન કંપનીના રિયલ રેસીડેન્સીના ક્વાટરમાં લાગી ભીષણ આગ

## ત્રીજા માળે આવેલ ફલેટમાં શોર્ટ સર્કિટના લીધે ફ્રીઝમાંથી આગ લાગી હોવાનું આવ્યું સામે





(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ-પાટણ તા.૮

વેરાવળની રેયોન કંપનીના રિયલ રેસીડેન્સીના ક્વાટરમાં ભીષણ આગ લાગી હતી. ત્રીજા માળે આવેલ ફલેટમાં શોર્ટ સર્કિટના લીધે ફ્રીઝમાંથી આગ લાગી હોવાનું સામે આવ્યું હતું. ફાયર વિભાગના જમાદાર સુનિલ ચુડાસમા, વાયરલેસ ઓફિસર પ્રતિક ગઢવી, ફાયરમેન કેતન વાળા, ભાવેશ ચાવડા, વિજય કોડિયાતર, લાલાભાઈ અને અનિલભાઈ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. ૨ કલાકની જહેમત બાદ આગ કાબુમાં આવી હતી. સદનસીબે કોઈ જાનહાનિ ન થઈ પરંતુ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. બીજા ફલેટમાં આગ ન લાગે તે માટે ફાયર વિભાગે સમયસૂચકતા દાખવી હતી. ફાયર વિભાગની સમયસૂચકતાને લીધે અન્ય ફલેટમાં આગ ન લાગી અને જાનહાનિ પણ ટળી હતી.

# પોરબંદર પોલીસ અને જેસીઆઈ પોરબંદરના સંયુક્ત ઉપક્રમે માર્ગ સલામતી માસની ઉજવણી

## ટ્રાફીક પોલીસ દ્વારા રીક્ષા ચાલકો, ટેક્ષી ચાલકો અને વાહન ચાલકોને પ્રાથમિક સારવાર અને સીપીઆરની તાલીમ અપાઈ



(પ્રતિનિધિ દ્વારા) ગોસા(ઘેડ) તા.૮

સમગ્ર દેશમાં ૧લી જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી સુધી માર્ગ સલામતી માસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણી અંતર્ગત પોરબંદર જિલ્લામાં પણ પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાના ઓના માર્ગદર્શન હેઠળ પોરબંદર પોલીસ અને જેસીઆઈ પોરબંદરના સંયુક્ત ઉપક્રમે માર્ગ સલામતી માસની ઉજવણી કરવામાં આવી રહી છે. માર્ગ અકસ્માત દરમ્યાન ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક પ્રાથમિક સારવાર કઈ રીતે આપીને જીવ બચાવવામાં ઉપયોગી બની શકીએ એવા ઉમદા હેતુ સાથે પોરબંદર સુદામા ચોક ખાતે રીક્ષા ચાલકો, ટેક્ષી ચાલકો અને અન્ય વાહન ચાલકોને પ્રાથમિક સારવાર અને સીપીઆરની તાલીમ આપવા માં આવી હતી. આ તાલીમ મેળવેલા વાહન ચાલકો ગમે ત્યારે કોઈપણ ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી માર્ગ અકસ્માતના કિસ્સામાં મોતને ભેટતા અટકાવી શકે. આ તાલીમ કેમ્પમાં મોટી સંખ્યામાં વાહન ચાલકો ઉપસ્થિત રહી તાલીમ મેળવી હતી. પ્રાથમિક સારવાર અને સીપીઆરની તાલીમ માટે રેડક્રોસ સોસાયટી પોરબંદર જિલ્લા શાખાના ફેકલ્ટી અલ્પેશ ભાઈ નાંઢા અને રમેશભાઈ ગરેજા એ સેવા આપી હતી. આ તાલીમ કેમ્પને સફળ બનાવવા ટ્રાફિક પી.એસ.આઈ. કે. બી. ચૌહાણ, પી.એસ.આઇ કે. એન. અઘેરા, હેડકોન્સ્ટેબલ પોપટભાઈ ગોરાણીયા, જેસીઆઈ પોરબંદર ના પ્રમુખ રાધેશ દાસાણી, બિરાજ કોટેચા, સમીર ધોયડા, પ્રતીક લાખાણી, અર્જુન કોટેચા, ધૈર્ય દતાણી અને ટ્રાફિક બ્રિગેડની ટીમે જહેમત ઉઠાવી હતી.

# કોડીનારમાં લગ્નનું ખોટુ પ્રમાણપત્ર બનાવનાર સામે ફરિયાદ દાખલ કરવા કોર્ટે હુકમ કર્યો

(મુગલ અલ્તાફ દ્વારા) કોડીનાર તા.૮

કોડીનારની કોર્ટમાં ચાલતા એક ઘરેલુ હિંસાના કેસમાં યુવાને યુવતી સાથે લગ્ન કર્યાનું બનાવટી પ્રમાણપત્ર બનાવ્યું હોવાની પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલતા કોડીનાર પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા આ પ્રમાણપત્ર બનાવનાર અને તેમાં મદદગારી કરનાર સામે ધોરણસરની ફરિયાદ દાખલ કરવા હુકમ કરતા કોડીનાર કોર્ટના ઈન્ચાર્જ રજિસ્ટ્રાર કિશનભાઈ બારડે કોડીનાર પોલીસમાં ભારતીય ન્યાય સંહિતાની ૨૦૨૩ની કલમ ૩૩૬ (૩)૩૩૭ તથા ૩૩૯ હેઠળ ગુનો નોંધવા ફરિયાદ આપી છે. કોડીનારની કોર્ટમાં ક્રિષ્નાબેન ડોટર ઓફ પ્રતાપભાઈ વાઢેળ રે.કરેડા વાળા દ્વારા ફોજદારી પરચુરણ અરજ ૨૧૬/૨૦૨૨ થી ઘરેલુ હિસ્સાનો કેસ દાખલ કરેલો જેમાં તેના લગ્ન કોડીનાર તાલુકાના નાનાવાડા ગામમાં રહેતા ધર્મેશભાઈ ઉકાભાઈ સોસા સાથે લગ્ન થયા હોવાનું લગ્નનું પ્રમાણપત્ર રજૂ કરેલું જે કેસ ચાલતા દરમ્યાન કોડીનાર કોર્ટે આ પ્રમાણપત્રની ખરાઈ કરવા માટે પ્રાથમિક તપાસ કરવા કોડીનાર પોલીસને સૂચના આપી હતી. જેમાં આ લગ્નનું પ્રમાણપત્ર ખોટું હોવાનું જણાય આવતા કોડીનાર કોર્ટના સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અતુલકુમાર દ્વારા બનાવટી લગ્નનું પ્રમાણપત્ર બનાવનાર અને તેમાં મદદગારી કરનાર તમામ સામે ધોરણ સર ફરિયાદ દાખલ કરવા હુકમ કર્યો હતો.

# ઓખામાં બોટને અન્યત્ર લઈ જઈને નિયમનું ઉલ્લંઘન કરતા માછીમાર સામે ગુનો દાખલ થયો



(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૮

દ્વારકા જિલ્લામાં સંવેદનશીલ મનાતા દરિયાકાંઠા વિસ્તારમાં પોલીસ તંત્ર દ્વારા વિવિધ પ્રકારે સાધન ચેકિંગ તેમજ સુરક્ષા વ્યવસ્થાની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ મરીન પોલીસ તંત્ર દ્વારા જુદા જુદા વિસ્તારોમાં ચેકિંગ કાર્યવાહી કરવામાં આવી હતી. જે અંતર્ગત ગઈકાલે સોમવારે ઓખા મરીન પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીમાં ઓખાના ડાલ્ડા બંદર વિસ્તારમાં અલ ગોસ્સ આમદ નામની એક બોટમાં ચેકિંગ કરતા આ બોટ માટે માલિક/ટંડેલ દ્વારા ફિશિંગ અંગેનું ટોકન મેળવી ને બાલાપર ફિશિંગ લેન્ડિંગ પોઈન્ટ દર્શાવવામાં આવ્યું હતું. પરંતુ માછીમાર દ્વારા બોટને લેન્ડિંગ પોઈન્ટ બાલાપર લઈ જવાના બદલે ઓખા નજીકના ડાલ્ડા બંદર ફિશિંગ લેન્ડિંગ પોઈન્ટ ખાતે લઈ જવામાં આવતા સમગ્ર બાબતે ઓખા મરીન પોલીસે આ બોટના માછીમાર જીકર દાઉદભાઈ સાંઘાર (ઉ.વ. ૫૦, રહે, બાલાપર) સામે ફિશરીઝ એક્ટ મુજબ ગુનો નોંધ્યો છે. આ સમગ્ર કાર્યવાહી સ્થાનિક પી.એસ.આઈ. આર.આર. ઝરૂની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં સિલ્વર ઓક યુનિવર્સિટીનો ત્રીજો દીક્ષાંત સમારોહ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સિલ્વર ઓક યુનિવર્સિટીનો ત્રીજો દીક્ષાંત સમારોહમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હંમેશાથી કહેતા આવ્યાં છે કે, શિક્ષણ એ વિકાસનો પાયો છે અને યુવાશક્તિ આ વિકાસના પાયાનો પથ્થર છે. ત્યારે આ પદવીદાન સમારોહમાં પદવી ધારક શિક્ષિત-દીક્ષિત યુવાઓના ડેમોગ્રાફીક ડિવિડન્ડ એવી યુવા શક્તિ એ પોતાની આ શક્તિનો ઉપયોગ રાષ્ટ્ર નિર્માણમાં કરવો જોઈએ એવી પ્રેરણા તેમણે આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, યુનિવર્સિટીમાંથી શિક્ષા મેળવીને જ્યારે કોઈ વિદ્યાર્થી બહાર નીકળે છે ત્યારે રાષ્ટ્ર નિર્માણમાં યોગદાનની નવી મંઝિલ શરૂઆત થાય છે,એમ આજથી સિલ્વર ઓક યુનિવર્સિટીના પદવી મેળવનાર વિદ્યાર્થીઓની નવી મંઝિલની શરૂઆત થઈ છે. ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈએ વિકસિત ભારત માટેના ચાર સ્તંભોમાં યુવાશક્તિને ખુબ મહત્વ આપ્યું છે. એટલું જ નહી, ગુજરાતનું યુવાધન એનર્જી અને સ્કીલથી ભરપૂર છે, ત્યારે વિકસિત ભારતના નિર્માણમાં સૌ વિદ્યાર્થીઓએ પોતાની એનર્જી અને સ્કિલને કામે લગાડવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકસિત ભારત ૨૦૪૭નો સંકલ્પ આપ્યો છે, ત્યારે સૌ વિદ્યાર્થીઓ એ મેળવેલા જ્ઞાન અને પદવીને કેરિયર ડેવલપમેન્ટ, કેરેક્ટર ડેવલપમેન્ટ અને નેશન ડેવલપમેન્ટમાં ઉપયોગ કરવો જોઈએ એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. સેકટર સ્પેસિફિક યુનિવર્સિટીની વાત કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ૧૦૩ યુનિવર્સિટીઝ સાથે ગુજરાત દેશમાં સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીના હબ તરીકે ઊભરી આવ્યું છે. ગુજરાતમાં ફોરેન્સિક સાયન્સ,ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ડિફેન્સ, રીન્યુએબલ એનર્જી જેવા ઉભરતા ક્ષેત્રોમાં આધુનિક જ્ઞાન આપતી નેશનલ યુનિવર્સિટીઝ કાર્યરત છે.

# રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુદ્રઢીકરણનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો વધુ એક મહત્વપૂર્ણ પ્રજાલક્ષી નિર્ણય

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૮

મુખ્યમંત્રીએ અત્યાર સુધીમાં ૧૩૦૭ કરોડ રૂપિયા સાંકડા પૂલો-સ્ટ્રકચર્સને પહોળા કરવા તથા જુના અને નબળા પૂલોના સ્થાને મેજર-માઈનોર પૂલોના પુનઃ બાંધકામ અને મરામત જેવા ૨૬૫ કામો માટે ફાળવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોને સલામત, સુરક્ષિત અને સુવિધા સભર રોડ નેટવર્ક પૂરૂ પાડવા માટેનો એક વધુ મહત્વપૂર્ણ પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ આ હેતુસર રાજયના માર્ગ અને મકાન વિભાગ હેઠળના રસ્તા-પૂલોના નેટવર્કને સુવ્યવસ્થિત કરવા કુલ ૩૨ માર્ગો ઉપર નવા મેજર-માઈનર પૂલોના બાંધકામ માટે ૭૭૮.૭૪ કરોડ રૂપિયાની કરવામાં આવેલી દરખાસ્તને મંજૂરી આપી છે. મુખ્યમંત્રીએ રાજ્યના સર્વગ્રાહી વિકાસની ધોરીનસ સમાન રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુદ્રઢ કરીને નાગરિકો તેમજ ઉદ્યોગ-વેપાર સૌને ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન આપવાનો અભિગમ અપનાવ્યો છે. એટલું જ નહીં, માર્ગો ઉપરના સાંકડા પૂલ સ્ટ્રકચર્સને પહોળા કરીને લોકોને ટ્રાફિકજામ થવાની સમસ્યાથી મુક્તિ આપવા સહિત જુના અને નબળા હયાત પૂલો, સ્ટ્રકચર્સના સ્થાને મેજર-માઈનર પૂલોના પુનઃ બાંધકામ-મરામત વગેરે કામો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અત્યાર સુધીમાં આવા ૨૬૫ કામો માટે સમગ્રતયા ૧૩૦૭ કરોડ રૂપિયા મંજૂર કરેલા છે. માર્ગ મકાન વિભાગે મુખ્યમંત્રીશ્રી સમક્ષ તાજેતરમાં રજૂ કરેલી ૩૨ માર્ગો ઉપરના નવા મેજર-માઈનર પૂલોના બાંધકામ માટેની ૭૭૮.૭૪ કરોડની દરખાસ્તને તેમણે અનુમતિ આપી છે. આમ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાછલા બે વર્ષમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુદ્રઢીકરણના વિવિધ ૨૯૭ કામો માટે કુલ ૨૦૮૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. મુખ્યમંત્રીના આ પ્રજા હિતકારી નિર્ણયને પરિણામે આગામી દિવસોમાં નાગરિકોને વધુ સુવિધાજનક રોડ નેટવર્ક મળવાથી યાતાયાત સરળ બનશે તેમજ ઈઝ ઓફ લિવિંગમાં પણ વૃદ્ધિ થશે.

# શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળ દ્વારા ફ્રી મેડીકલ કેમ્પ અને ચતુર્થ સ્નેહમિલન સમારોહ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૮

શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળ જૂનાગઢ દ્વારા તા.૧૧-૧-૨૫ શનિવારના રોજ કૈલાશ પાર્ટી પ્લોટ ખલીલપુર રોડ જૂનાગઢ ખાતે બપોર બાદ ૩:૦૦ થી ૫:૦૦ કલાકે ફ્રી મેડીકલ કેમ્પ અને સાંજે ૫૦ થી ૮: તવું સ્નેહમિલન સમાર માનનીય કેબીનેટ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને, મુખ્ય મહેમાન તરીકે કૌશીકભાઈ વેકરીયા દંડક, ગુજરાત વિધાન સભા ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા ઉપસ્થિત રહેશે તેમજ ભાજપ જીલ્લા પ્રમુખ કીરીટભાઈ પટેલ, કલપ્રતિ ડો. વી.પી. ચોવટીયા, જીલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર, નિકિતાબેન શિરોયા ડિ.વાય.એસ.પી., હિરેનભાઈ રતનપરા આર.એફ.ઓ., ભાવેશભાઈ રાદડીયા આર.એફ.ઓ., કાર્યક્રમના ઉદઘાટક તરીકે અને મુખ્ય વકત તરીકે હરેશભાઈ શાણીની હાજરીમાં અને સમાજ શ્રેષ્ઠીઓ, આમંત્રીત અધિકારીઓ/કર્મચારીઓ અને પ્રબુધ્ધ નાગરીકોની હાજરીમાં કાર્યક્રમ સંમ્પન્ન થશે.

# તાલુકાકક્ષાએ યોગાસન, ચેસ, ખો-ખો, વોલીબોલ, એથ્લેટિક, રસ્સાખેંચ અને કબડ્ડી સ્પર્ધા યોજાશે

## જૂનાગઢ જીલ્લામાં ખેલ મહાકુંભમાં વિવિધ ૩૯ રમતો જુદાં જુદાં ૬ વયજૂથમાં યોજાશે

જૂનાગઢ, તા.૮

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા રાજ્યમાં ખેલ મહાકુંભ ૩.૦નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લામાં બહોળી સંખ્યામાં ખેલાડીઓ ભાગ લે તે હેતુથી શાળા, ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા કક્ષાએ વિવિધ ૩૯ રમતો જુદાં જુદાં ૬ વયજૂથમાં યોજાશે. ખેલ મહાકુંભ ઓપન સ્પર્ધા છે. તેમાં વિદ્યાર્થીઓની સાથે અન્ય લોકો પણ ભાગ લઈ શકે છે.

જૂનાગઢ જિલ્લામાં ખેલ મહાકુંભમાં (૧)અંડર-૯(જન્મ તા.૧/૧/૨૦૧૬)અને તે પછી જન્મ્યા હોઈ તેવા, (૨)અંડર-૧૧(જન્મ તા.૧/૧/૨૦૧૪)અને તે પછી જન્મ્યા હોઈ તેવા, (૩)અંડર-૧૪(જન્મ તા.૧/૧/૨૦૧૧)અને તે પછી જન્મ્યા હોઈ તેવા, (૪)અંડર-૧૭(જન્મ તા.૧/૧/૨૦૦૮)અને તે પછી જન્મ્યા હોઈ તેવા, (૫)ઓપન એઈજ ગ્રૃપ(જન્મ તા.૩૧/૧૨/૨૦૦૭)અને તે પહેલા જન્મ્યા હોઈ તેવા, (૬)૪૦ વર્ષથી વધુ ઉંમરના(જન્મ તા.૦૧/૦૧/૧૯૬૫ થી તા.૩૧/૧૨/૧૯૮૪)દરમિયાન જન્મ્યા હોઈ તેવા, (૭)૬૦ વર્ષથી વધુ ઉંમરના(જન્મ તા.૩૧/૧૨/૧૯૬૪)અને તે પહેલા જન્મ્યા હોઈ તેવા વિવિધ રમતમાં ભાગ લઈ શકે છે.

તાલુકાકક્ષાએ યોગાસન, ચેસ, ખો-ખો, વોલીબોલ, એથ્લેટિક, રસ્સા ખેંચ અને કબડ્ડી સહિત વિવિધ સ્પર્ધાઓનું આયોજન હાથ ધરવામાં આવશે. ઉપરાંત જિલ્લાકક્ષાએ વિવિધ રમત સ્પર્ધાઓ યોજાશે. શાળા, ગ્રામ્ય કક્ષાએ વિજેતા ખેલાડીઓ તાલુકા કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે. ઉપરાંત તાલુકા કક્ષાએ વિજેતા ખેલાડીઓ જિલ્લાકક્ષા સ્પર્ધામાં ભાગ લેશે. જિલ્લાકક્ષાએ વિજેતા ખેલાડીઓ ઝોનકક્ષા અને રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે. ખેલ મહાકુંભ અંતર્ગત ખો-ખો, કબડ્ડી, વોલીબોલ, એથ્લેટિક્સ, બાસ્કેટબોલ, ફૂટબોલ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, ટેબલટેનિસ, આર્ચરી, સ્કેટીંગ, સ્વીમીંગ, ચેસ, યોગાસન, હોકી, રસ્સાખેંચ, શૂટિંગબોલ, હેન્ડબોલ, લોન ટેનિસ,ટેક વેન્ડો, કરાટે, રગ્બી, આર્ટીસ્ટીક સ્કેટિંગ સહિતની સ્પર્ધા યોજાશે. રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લેનાર સંસ્થા-વ્યક્તિએ પોતાની એન્ટ્રી શાળા, ગ્રામ્ય, તાલુકા, જિલ્લા કક્ષાના કનવીનરો પાસે કરાવવાની રહેશે. કોઈ પણ ખેલાડી બે સ્પર્ધામાં જ ભાગ લઈ શકે છે.

તાલુકાકક્ષા સ્પર્ધા-(૧) જૂનાગઢઃ અલ્તાફભાઈ સીડા (મો.૮૭૮૦૪૪૨૪૬૨), (૨) ભેસાણઃ ભાવિનભાઈ ઉસદડ (મો.૯૭૧૨૫૭૨૭૦૩), (૩) વિસાવદરઃભરતભાઈ ભેટારીયા (મો.૯૮૨૫૭ ૨૮૨૩૯), મહેશભાઈ પરમાર(મો.૮૧૪૧ ૭૪૮૨૮), (૦૪) મેંદરડા : ગીરીશભાઈ પાંચાણી (મો.૯૮૭૯ ૯૭૦૫૪૫, મો.૯૭૩૭૬ ૬૦૫૯૫), (૫) માળિયા હાટીના : ભરતભાઈ પરમાર (મો.૯૮૭૯૮ ૫૫૫૬૫), (૬) માંગરોળઃ શૈલેષભાઈ પરમાર (મો.૯૮૨૪૧૪૮૪૮૦), (૭) કેશોદ : ડો.હમીરસિંહ વાળા (મો.૯૮૨૪૪૭૬૭૯૦), (૮) માણાવદરઃ અક્ષયભાઈ કાનાણી (મો.૬૩૫૩૩૦૨૭૪૪), વિશાલ ગોસ્વામી (મો.૮૧૬૦૮૪૩૮૦૬), (૯) વંથલીઃઅમિતભાઈ સાંકળિયા (મો.૮૧૫૪૯૪૩૮૭૫), બીપીન જીંજવાડીયા (મો.૯૨૬૫૪૬૩૫૪૦)

ઝોનક્ક્ષા સ્પર્ધા-ઝોન-૧ : વસંતભાઈ મધુડીયા (મો.૯૪૨૭૧૮૪૯૭૦), ઝોન-૨ : દર્શનભાઈ વાઘેલા (મો.૭૯૮૪૪૫૪૪૧૩), ઝોન - ૩ : ગોવિંદભાઈ છૈયાં (મો.૯૮૨૫૬૭૩૦૨૬), ઝોન -૪: ઈરફાનભાઈ ગરાણા (મો.૯૮૯૮૮૩૭૩૭૫), ઝોન - ૫ : રસિકભાઈ કનેરિયા (મો.૭૯૮૪૦૮૭૯૫૭), ઝોન - ૬ : ભરતભાઈ પરમાર (મો.૮૭૮૦૩૫૫૩૯૨), ઝોન - ૭ : ભાવેશભાઈ લીંબડ (મો.૯૫૫૮૮૮૧૯૮૧), ઝોન - ૮ : હેમંતભાઈ ચાવડા (મો.૯૯૨૪૪૩૪૨૨૨) આ અંગે વધુ વિગતો મેળવવા માટે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જૂનાગઢ નો સંપર્ક સાધી શકાશે. તેમ જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જૂનાગઢ જીલ્લાના તાલુકાઓમાં પીએમ પોષણ યોજનાના માનદવેતન ધારકોની મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના અન્વયે કુકિંગ કોમ્પિટિશન યોજાઇ





જૂનાગઢ, તા.૮

જૂનાગઢ જિલ્લાના ૧૦ તાલુકાઓમાં પીએમ પોષણ યોજનાના માનદવેતન ધારકોનીમુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના અન્વયે કુકિંગ કોમ્પિટિશન યોજાઈ હતી.

જૂનાગઢ જિલ્લાના કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાયાના માર્ગદર્શન હેઠળ જિલ્લાના દરેક તાલુકાના મામલતદારો અને પીએમ પોષણ યોજનાના કર્મચારીઓ દ્વારા જિલ્લાના તાલુકાઓમાં પીએમ પોષણ યોજના હેઠળ કામ કરતા માનદવેતન ધારકોની કામગીરીમાં ગુણાત્મક સુધારા હેતુ મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાના નિયત મેનુ પૈકીની વાનગી ચાટ, સુખડી, ઉપલબ્ધ મિક્સ કઠોળ, સ્થાનિક મિલેટસ આધારિત તાલુકા કક્ષાની કુકિંગ કોમ્પિટિશન યોજાઈ હતી.

આ સ્પર્ધામાં જૂનાગઢ જિલ્લાના ૧૦ તાલુકાઓમાંથી બહોળી સંખ્યામાં માનદવેતન ધારકો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય વિજેતાઓને અનુક્રમે રૂા. ૫૦૦૦, રૂા. ૪૦૦૦, રૂા. ૩૦૦૦ ની રકમનો ચેક અને પ્રમાણપત્ર જિલ્લા તાલુકાના પદાધિકારી અને અધિકારીઓના હસ્તે આપવામાં આવેલા હતા. તેમજ દરેક તાલુકાના પ્રથમ ક્રમાંકના વિજેતાઓને તાલુકા શ્રેષ્ઠ પીએમ પોષણ કુક ૨૦૨૪-૨૫ જાહેર કરવામાં આવ્યા હોવાનું જૂનાગઢ પીએમ પોષણયોજના જિલ્લા પુરવઠા અધિકારીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ખેલ મહાકુંભ ૩.૦ અનવ્યે જૂનાગઢ જીલ્લામાં તાલુકા તેમજ ઝોનકક્ષાએ કબડ્ડી સ્પર્ધા યોજાઈ

જૂનાગઢ, તા.૮

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા રાજ્યમાં ખેલ મહાકુંભ ૩.૦નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

જૂનાગઢ જિલ્લામાં તાલુકાકક્ષાના ખેલમહાકુંભમાં સુનિયોજીત સંચાલન માટે જિલ્લા રમત વિકાસ અધિકારી તથા જિલ્લા રમતગમત અધિકારી ભૂષણકુમાર યાદવના માર્ગદર્શન હેઠળ તાલુકા કન્વીનરની નિમણૂક કરવામાં આવી છે. જેમના દ્વારા તાલુકાની સ્પર્ધાનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. શાળા,ગ્રામ્ય કક્ષાએ વિજેતા ખેલાડીઓ તાલુકા કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે.

તાલુકાકક્ષાએ યોગાસન, ચેસ, ખો-ખો, વોલીબોલ, એથ્લેટિક, રસ્સા ખેંચ અને કબડ્ડી સહિત વિવિધ સ્પર્ધાઓનું આયોજન તા. ૬ જાન્યુઆરીથી હાથ ધરવામાં આવેલ છે. જેમાં તાલુકા તેમજ ઝોનકક્ષાએ કબડ્ડી સ્પર્ધાનું આયોજન ભાઈઓ અને બહેનો માટે જૂનાગઢ જિલ્લાના દરેક તાલુકા તેમજ ઝોન ખાતે કરવામાં આવેલ હતું. જેમાં અંદાજીત તાલુકાકક્ષાએ-૧૬૪ ભાઈઓ અને બહેનોની ટીમ અને ઝોનકક્ષાએ-૮૯ ભાઈઓ અને બહેનોની ટીમો એ ભાગ લીધો હતો. દરેક તાલુકા તેમજ ઝોનમાંથી પ્રથમ ક્રમાંકે વિજેતા થયેલ ટીમ જિલ્લાકક્ષા સ્પર્ધામાં ભાગ લેશે. જિલ્લાકક્ષાએ વિજેતા ખેલાડીઓ ઝોનકક્ષા અને રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે.

આ સાથે જ ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન અંતર્ગત ખેલમહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાંથી પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી પણ કરવામાં આવશે. જેમને સરકારની જિલ્લાકક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ અને વિવિધ રમતોની રાજ્યકક્ષાની એકેડમીમાં નિઃશુલ્ક પ્રવેશની સાથે અભ્યાસ, ભોજન અને નિવાસ તેમજ સ્પોર્ટ્સ કિટ પૂરી પાડવામાં આવશે. ઉપરાંત ખેલાડીઓને નિષ્ણાંત કોચ દ્વારા પ્રશિક્ષણ અને દર મહિને સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવશે.

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, વર્તુળ કચેરી જૂનાગઢ તરફથી ઉતરાયણ નિમિતે સલામતીનો સંદેશ

જૂનાગઢ, તા.૮ : માનવંતા ગ્રાહકો તથા જાહેર જનતાને ઉત્તરાયણ પૂર્વ ઉત્સાહ અને વીજ સલામતી પૂર્વક ઉજવવા તથા વીજ અકસ્માત નિવારવા માટે પતંગ ચગાવતી વખતે નીચે જણાવેલ વિગતો/ મુદ્દાઓ અવશ્ય ધ્યાનમાં રાખવા નમ્ર વિનંતી છે.





- પતંગ કે દોરી વીજળીના થાંભલા કે તારમાં ફસાઈ જાય તેને લેવા માટે થાંભલા પર ચઢશો નહી. વીજળીના તાર કે કેબલને અડકશો નહિ.
- વીજળીના વાયર કે તાર ઉપર પડેલ પતંગ લેવા લંગર નાખશો નહી. તેમ કરવાથી વીજળીના તાર ભેગા થતાં મોટા ભડાકા થવાની, તાર તુટી જવાની, અકસ્માત થવાની તેમજ વીજ વપરાશના સાધનો (ઉપકરણો) બળી જવાની સંભાવના રહે છે.
- થાંભલા કે વીજળીના તારમાં અથવાતો વીજળીના તાર નજીકના ઝાડમાં અટવાયેલા પતંગ લેવા માટે તાર કે લોખંડના સળીયાનો ઉપયોગ જીવલેણ નીવડી શકે છે.
- ધાતુના તાર કે મેગ્નેટિક ટેપ બાંધીને પતંગ ઉડાડશો નહી, તેમ કરવાથી વીજળીના તારને અડકતા વીજળીનો આંચકો લાગવાની અને અકસ્માતની સંભાવના છે.
- નજીવી કિંમતના પતંગ માટે આપની અણમોલ કિંમતી જીદગી જોખમમાં ના મુકાય તેનો ખ્યાલ રાખો.
- ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવો નહી, તેનાથી વીજળીના વાયર કપાઈ શકે છે, જેથી અંધારપટ તેમજ વીજ અકસ્માત થઈ શકે છે.
- વિજવાયરો પસાર થતા હોય તેની સાવ નજીક થી પતંગ ઉડાડશો નહી.
- વીજ માળખાને લગતી કોઈ પણ ફરીયાદ નોંધવા માટે નીચેના ટોલ ફ્રી નંબર નો ઉપયોગ કરવો. ૧૯૧૨૨ અથવા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩ ઉપરોકત સુચનો યાદ રાખી અકસ્માત ન સર્જાય તેની સાવચેતી રાખશો તથા આપના બાળકોની સાથે રહી, સંપૂર્ણ સલામતી સાથે ઉત્તરાયણનો ઉત્સવ ઉમંગથી ઉજવશો તેવી શુભેચ્છા.

### સપ્તસંગીતિના મંચ ઉપર સંગીતના દરેક સ્વરૂપને ભરપુર પ્રોત્સાહન અને સરાહના ......સાથે

# ચિરાગ કટ્ટી લાઈવ વર્લ્ડ મ્યૂઝિક ફ્યુઝન બેન્ડના હિન્દુસ્તાની શાસ્ત્રીય વાદ્યોના નવીન પ્રયોગો સાથે પશ્ચિમી વાદ્યોના પ્રયોગાત્મક ફયુઝનના મિશ્રણ સાથેની રચનાત્મક રચનાઓએ સપ્તસંગીતિના ચિક્કાર શ્રોતાઓને કર્યા રોમાંચિત

## તા. ૬ જાન્યુ.ના રોજ ઉસ્તાદ શાહિદ પરવેઝ ખાનનું સિતારવાદન અને શ્રી શશાંક સુબ્રમણિયમનું બાંસુરીવાદન તથા પ્રથમ ભાગમાં ડો.દુલારી માંકડનું કંઠય સંગીત માણવા મળશે





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા. ૮

સપ્તસંગીતિના મંચ ઉપર સંગીતના દરેક સ્વરુપને ભરપુર પ્રોત્સાહન અને સરાહના મળી રહી છે. ત્યારે સાત દિવસના આ મહોત્સવના ચોથા દિવસે ચિરાગ કટ્ટી અને તેમના બેન્ડના કલાકારોના ધમાકેદાર પર્ફોર્મન્સથી હેમુ ગઢવી ઓડિટોરીયમના ચિક્કાર ભરેલા બન્ને સાભાગૃહોમાં બિરાજમાન શ્રોતાઓ અને ખાસ કરીને યુવાઓનો અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમ ચોથા દિવસના પેટ્રન ઓમનિટેક એન્જીનિયરીંગ પ્રા. લી. પરિવાર, રાજકોટ પોલિસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા તેમજ શુભેચ્છક બ્રિંદાબેન અને પાર્થભાઈ શાહના હસ્તે દીપ પ્રગટાવીને કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

ચિરાગ કટ્ટી લાઈવ વર્લ્ડ મ્યૂઝિક ફ્યુઝન બેન્ડ એ નવીન પ્રયોગો સાથે પ્રયોગાત્મક રીતે રજૂઆત માટે ખુબ પ્રખ્યાત છે. મંચ ઉપરનો પડદો ખુલતાની સાથે જ શ્રોતાગણથી ભરચક ભરેલા સભાગૃહને જોઈ ચિરાગ કટ્ટી એ અત્યંત હર્ષની લાગણી વ્યક્ત કરી સર્વે ગુણી શ્રોતાઓનો આભાર માન્યો હતો. તેમના બેન્ડ દ્વારા પ્રથમ પ્રસ્તુતિ શિવ અર્ચના પ્રાર્થના અને પેશન રચનાથી કરી હતી. ત્યારબાદ લવ ઈન સમર કમ્પોઝિશનમાં તેમણે બોલીવૂડના અત્યંત લોકપ્રિય શાસ્ત્રીય રાગો પર આધારીત ગીતો લગજા ગલે, કલ રહે ના રહે હમ, પહેલા નશા, મેં કભી બતલાતા નહીં, હર ઘડી બદલ રહી જેવા યાદગાર ગીતોના ટુકડાઓ પેશ કરી લોકોને આનંદિત કરી દીધા હતા. અન્ય રજુઆતમાં તેમના મ્યુઝિક આલ્બમની રચના પીલું મિક્સ બ્લૂઝ કમપોઝિશન રજૂ કર્યુ હતું. જીવનના દરેક ક્ષેત્રે પ્રેરણા અને યોગદાન આપનાર તમામ વ્યક્તિઓને ટ્રીબ્યુટ આપવા તેણે ઈન્સ્પિરેશન ધૂન રજૂ કરી હતી. ચિરાગ કટ્ટી એ સિતાર ઉપર શાસ્ત્રીય સંગીતની મૂળભુત રચનાઓ તેમના બેન્ડના પ્રતિભાશાળી કલાકારો સાથે પ્રસ્તુત કરી હતી. આ કાર્યક્રમમાં રાજકોટ પોલિસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા શરુઆતથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે કાર્યક્રમને અંત સુધી મન ભરીને માણ્યો હતો.

ત્યારબાદની પેશકશમાં કમિટમેન્ટ ફોર એવર અને ફંકી જોગ જેવા મૂળ સાથે જોડાયેલ ભારતીય સંસ્કૃતિના રાગોને નવા સ્વરૂપે અને નવીન વેશ સાથે રજૂ કર્યા હતા. જેમાં તબલા અને ડ્રમની જુગલબંધીએ શ્રોતાઓને તાલીઓ પાડવા ઉત્સાહિત કરી દીધા હતા. ત્યારબાદ સિલ્વર લાઈનિંગ કમ્પોઝિશન તેમણે બનાવેલ ઈલેક્ટ્રીક સિતાર પર રજૂ કર્યું હતું. શ્રોતાઓની ફરમાઈશ ઉપર જેરિડ રોડ્રિગ્સ એ સોલો સેક્સોફોનની અદભુત રજુઆત કરી હતી. સંગીત સભાની પૂર્ણાહુતિ સંગીત પરંપરા મુજબ રાગ ભૈરવી આધારિત અને ચિરાગ કટ્ટીના પિતા શશાંક કટ્ટીએ સ્વરબધ્ધ કરેલી રચનાને પ્રસ્તુત કરી હતી, જેમાં જીવનના દરેક ભાવ રજૂ થતા હતા. આ ગ્રુપના અન્ય કલાકારોમાં કી-બોર્ડ આર્ટીસ્ટ શિવહરી રાનડે, ડ્રમ પ્લેયર હેમ પટેલ, બાઝ ગિટાર ઉપર સિધ્ધેશ બોરકર, તબલા ઉપર આશિષ રઘવાની અને સેક્સોફોન જેવા કઠિન વાદ્ય ઉપર જેરિડ રોડ્રિગ્સ એ અવિસ્મરણીય કલા પ્રસ્તુત કરી શ્રોતાઓને તરબતર કરી દીધા હતા.

**દિવસ ૫ : તા.૬ જાન્યુ.ના સેશન ૦૧ કલાકારોનો સંક્ષિપ્ત પરિચય**

ડો.દુલારી માંકડ (ગાયન): તેઓ સ્વ. શારદાબેન રાવના વરિષ્ઠ શિષ્યા છે. તેમણે અલંકારની તાલીમ શ્રીમતી પિયુ બહેન સરખેલ પાસેથી મેળવી છે. ડો. દુલારી એ શાસ્ત્રીય ગાયનની તાલીમ ટોપ રેક્ર સાથે અર્જુનલાલ હીરાણી કોલેજમાંથી ડો. જયભાઈ સેવક પાસે લીધી છે. તેમને ૨૦૧૪ માં એમ. એસ. યુનિવર્સિટી દ્વારા વોઈસ કલ્ચર ઓફ નોર્થ ઈન્ડિયન ક્લાસિકલ સિંગિંગ ફોર્મ્સ માટે પીએચડી ની ઉપાધિ પ્રાપ્ત છે. તેઓ ગાયનમાં અલંકાર અને તબલામાં વિશારદ કરેલું છે. આ ઉપરાંત કથકની તાલીમ શ્રીમતી હિનાબહેન મહેતા પાસેથી મેળવેલી છે. હાલમાં તેઓ રાજકોટ ખાતે સંગીતની તાલીમ આપી રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ લગભગ ૩૦ કરતા પણ વધુ વિદ્યાર્થીઓ વિશારદ થઈ ચૂક્યા છે. દર્શન માંકડ (તબલા):દર્શન માંકડ એ ફક્ત વર્ષની વયથી તબલાની તાલીમ બલરાજભાઈ ચૌધરી પાસેથી મેળવી હતી. ત્યારબાદ ગુરૂ શિષ્ય પરંપરાથી ડો.ગૌરાંગ ભાવસાર પાસેથી તાલીમ મેળવી સધન તાલીમ દેવેન્દ્રભાઈ દવે પાસેથી મેળવી છે. તેમણે તબલા વિષય માં માસ્ટર ઓફ પર્ફોમીંગ આર્ટ્સ અને સંગીત અલંકાર કરેલું છે. આ ઉપરાંત તેણે ગાયનમાં સંગીત વિશારદ સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ ડો. દુલારી માંકડના અનુજ બંધુ છે. ડો.કુમાર પંડયા (હાર્મોનિયમ): તેમના પિતા અશોકભાઈ પંડ્યા પાસેથી સંગીત વારસમાં પ્રાપ્ત થયું છે. તેમણે સ્નાતક, અનુસ્નાતક અને પીએચડીની તાલીમ ડો.જયભાઈ સેવક અને હિરાણી કોલેજના ભૂતપૂર્વ પ્રિન્સિપલ ડો.ચંદ્રકાંત હિરાણી પાસેથી મેળવી છે. દુલારી બહેન સાથે તાનપુરા પર એમના શિષ્યો જ્યોતી બાલાની અને ભક્તી જોશી સંગત કરશે. સેશન ૦૨ ના કલાકારોનો સંક્ષિપ્ત પરિચય : ઉસ્તાદ શાહિદ પરવેઝ ખાન (સિતાર): ઉસ્તાદ શાહિદ પરવેઝ ખાન ઈટાવા ઘરાનાની સાતમી પેઢીના એક પ્રતિષ્ઠિત અને વરિષ્ઠ સિતારવાદક છે. તેમણે સિતાર વાદનની પ્રારંભિક તાલીમ તેમના પિતાજી ઉસ્તાદ અઝીઝ ખાન સાહેબ પાસે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# નવા પડકારો લઈને આવેલું નવું વર્ષ

નવા વર્ષના આગમનની સાથે નવી આશાઓ જાગવી બહુ સ્વાભાવિક છે. જોકે ગયું વર્ષ અને તેના આગલાં કેટલાંક વર્ષ ભૂરાજકીય માળખામાં ઘણી હલચલ મચાવનારાં રહ્યાં, તેથી આ વર્ષ પાસેથી સૌથી મોટી આશા તો એ છે કે દુનિયામાં સ્થાયિત્વ અને સ્થિરતાનો ભાવ વધે. ગયા વર્ષનું સિંહાવલોકન કરીએ તો જોઈશું કે કેટલાય દેશોમાં ચૂંટણીને લઈને તખ્તાપલટના નામે રહેલું ૨૦૨૪નું વર્ષ મોટા ઉતાર-ચડાવનું રહ્યું. યુરોપથી માંડીને એશિયા અને દક્ષિણ અમેરિકાથી લઈને આફ્રિકા સુધી રાજકીય વર્ગ જનતાની અપેક્ષા પર ખરો નથી ઉતર્યો. કેટલાય વૈશ્વિક નેતાઓએ સાખના સંકટનો સામનો કરવો પડ્યો છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની નાટકીય રૂપે સત્તામાં વાપસી અને સીરિયામાં બશર અલ-અસદના દાયકાઓથી સ્થાપિત શાસનનું પતન જેવા અલગ-અલગ રાજકીય રંગોને જોતાં એ કહેવું ખોટું નહીં ગણાય કે વૈશ્વિક માળખા બીજા વિશ્વયુદ્ધ બાદથી સૌથી નાજુક દોરમાંથી પસાર થઈ રહ્યા છે. એવામાં આ વર્ષ પાસે મોટી આશાઓ છે.

દુનિયાના અલગ-અલગ ખૂણા સંઘર્ષનાં મેદાન બન્યા છે. આ કોઈ છૂપી વાત નથી કે કોઈપણ યુદ્ધની બહુ ભારે કિંમત ચૂકવવી પડે છે. રાજકીય, આર્થિક અને નૈતિક તમામ સ્તરો પર તેની અસર પડે છે. જે લોકો પ્રત્યક્ષ રૂપે યુદ્ધનો હિસ્સો નથી હોતા, તે પણ કોઈને કોઈ રૂપે તેનાથી પ્રભાવિત થાય છે. વિકસિત દેશોમાં લાંબા સમયતી એ ધારણા સ્થાપિત થયેલી છે કે સુદૂર લડાતા યુદ્ધોથી એમના પર કોઈ અસર નહીં પડે. ગયુ વર્ષ એ ધારણાને ધ્વસ્ત કરનારું સાબિત થયું. એવામાં સ્વાભાવિક છે કે સ્થાયિત્વ અને સ્થિરતા માટે આ વર્ષે કોઈ નવું ગણિત લડાવવું પડશે. તેની જરૂરિયાત એટલા માટે પણ વધી ગઈ છે, કારણ કે ભૂરાજકીય પ્રતિસ્પર્ધા નવેસરથી વધવી ચિંતાજનક છે. આ કડીમાં વિશેષ તો પશ્ચિમી લોકતાંત્રિક દેશોનો રશિયા-ચીન જેવી અધિનાયકવાદી શક્તિઓ સાથે સંઘર્ષ તો વધ્યો જ છે, યુરોપ અને પશ્ચિમ એશિયામાં યુદ્ધના નવા મોરચા પણ બની ગયા છે. તેણે શીત યુદ્ધ બાદ ઉદાર લોકતાંત્રિક સ્થાયિત્વ સાથે જોડાયેલા આશાવાદને પડકાર ફેંક્યો છે. આ વલણે વૈશ્વિક માળખાના નાજુક પાસાંને રેખાંકિત કરવાની સાથે જ પરસ્પર આર્થિક નિર્ભરતા અદ્ધે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને પણ સવાલોના દાયરામાં ઊભી કરી દીધી છે. પારંપરિક સત્તા-શક્તિવાળી રાજનીતિની વાપસીએ એ જ દર્શાવ્યું છે કે વૈચારિક અને ભૂરાજકીય ટકરાવોની શક્યતા હજુ પણ યથાવત છે. આ એ રાજનીતિ છે જે સેના દ્વારા સીમાઓને નવેસરથી ખેંચવામાં વિશ્વાસ ધરાવે છે. ટેકનિકલ પ્રગતિ પણ સૈન્ય રણનીતિઓથી માંડીને યુદ્ધ ક્ષેત્રોને મોટા પાયે પ્રભાવિત કરી રહી છે.

નવા વર્ષની શરૂઆત એવા સમયે થઈ છે, જ્યારે દુનિયા ભૂરાજકીય શક્તિના વિભિન્ન પાસાંને અનુરૂપ ઢળી રહી છે. યુક્રેન યુદ્ધ, ઈઝરાયલ-હમાસ ટક્કર, મુખ્ય વેપારી સામુદ્રિક માર્ગો સમક્ષ પેદા થઈ રહેલ ખતરાથી માંડીને સ્વાભાવિક રૂપે ચીની પડકારો દુનિયાભરના નીતિ-નિર્માતાઓને પોતાની નૈયા પાર લગાવવા માટે નવા ચશ્માથી નીતિઓ બનાવવા તરફ વાળી રહી છે. વર્તમાન સ્થિતિઓ એવી છે, જે આર્થિક પાસાં દ્વારા વૈશ્વિક રાજનીતિને પ્રભઆવિત કરનારી અવધારણાને લઈને પુનર્વિચાર કરવા પર મજબૂર કરી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પનો ઉભાર એનો જ સંકેત છે, જે વૈશ્વીકરણના અસમાન ફાયદાનો રાગ આલાપી રહ્યા છે. તેમણે અમેરિકી રાજનીતિની ધારાને આ મુદ્દા દ્વારા નાટકીય રૂપે બદલી પણ નાખી. આર્થિક અને રણનીતિક મોરચે ટ્રમ્પનો પહેલો કાર્યકાળ બાકી વિશ્વ સાથે અમેરિકાની સક્રિયતા-ભાગીદારીના સ્તરને નવેસરથી નિર્ધારિત કરનારું રહ્યું હતું. અમેરિકી રાજનીતિનું આટલી હદે અંતર્મુખી થતા જવું બાકી વિશ્વ માટે એક ચેતવણીભરી ખતરાની ઘંટડી છે, જે વૈશ્વિક સુરક્ષાના મુખ્ય ગેરંટર તરીકે અમેરિકા પર હદથી વધારે નિર્ભર છે.

એક એવા સમયે જ્યારે મોટી શક્તિઓ સાથે વૈશ્વિક સમુદાયનો મોહભંગ થઈ રહ્યો છે ત્યારે ગ્લોબલ સાઉથ એટલે કે વિકાસશીલ દેશોની ભૂમિકા આપોઆપ મહત્ત્વપૂર્ણ થઈ જાય છે. હાલનાં વલણોને જોવામાં આવે તો આવનાર સમયમાં વૈશ્વિક વૃદ્ધિની દશા-દિશામાં ગ્લોબલ સાઉથની મહત્ત્વની ભૂમિકા રહેશે, જેમાં ભારત શીર્ષ પર રહેનારા દેશોમાંથી એક હશે. તેથી વિકાસશીલ દેશો માટે એ જરૂરી જ નહીં, પરંતુ અનિવાર્ય થઈ જાય છે કે તે આ વાસ્તવિકતાને સમજીને તેને ગ્લોબલ ગવર્નન્સના માળખામાં પણ દર્શાવે. ચાહે જળવાયુ પરિવર્તનને પહોંચી વળવા માટે બનનારી યોજનાઓની વાત હોય કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઈના નિયમનની વાત હોય, એવા સંક્રમણ કાળમાં ગ્લોબલ સાઉથ અને ભારત જેવા દેશોની ભૂમિકા નિર્ણાયક હોવી જોઈએ. તેના માટે નવું માળખું અને વધુ કેન્દ્રિત એજન્ડા તૈયાર કરવો પડશે. વર્તમાન પરિસ્થિતિઓ ભારત માટે એક મોટો અવસર પ્રસ્તુત કરી રહી છે. આ નવા વર્ષમાં જ્યારે ચીન પોતાની આભા ગુમાવતું દેખાઈ રહ્યું છે, ત્યારે ભારત એક અત્યંત અનુકૂળ ભૂરાજકીય અને ભૂઆર્થિક સ્થિતિમાં દેખાઈ રહ્યું છે. જ્યારે વિકસિત દેશ આત્મકેન્દ્રિત થઈને અંતર્મુખી થતા જાય છે અને ચીનનું અન્ય દેસો પ્રત્યે આક્રમક વલણ જગજાહેર છે, ત્યારે વૈશ્વિક નેતૃત્વના મોરચે એક શૂન્યાવકાશની સ્થિતિ પેદા થઈ રહી છે, જેને ભરવી જરૂરી હશે. એ ઘણી હદે ભારતના વલણ પર નિર્ભર રહેશે કે તે બાકી વિશ્વ સાથે કેવી રીતે તાલમેલ બેસાડે છે. તેમાં માત્ર પોતાની ચિંતા અને હિતોની પરવા જ નહીં, બલ્કે દુનિયાના મોટા હિસ્સાના હિતો અને ચિંતાઓને પણ જોવી પડશે, જેની અત્યાર સુધી વૈશ્વિક વિમર્શમાં અવગણના થતી આવી છે.

### 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ – ૨૦૨૫'


# ૧૧ જાન્યુઆરીએ અમદાવાદથી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ – ૨૦૨૫'નો પ્રારંભ થશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રવાસન મંત્રી મૂળૂભાઈ બેરા તેમજ અન્ય અતિથિગણની ઉપસ્થિતિમાં ૧૧ જાન્યુઆરીએ અમદાવાદથી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૨૫'નો પ્રારંભ થશે





File Photo




File Photo

અમદાવાદ, તા.૮

૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સ્ટેચ્યૂ ઓફ યુનિટી (એકતા નગર), રાજકોટ તથા વડોદરા ખાતે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ 'નો પ્રારંભ થશે. ૧૩ જાન્યુઆરીના રોજ સુરત, શિવરાજપુર, ધોરડો ખાતે પણ 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજયો માંથી ૫૨ (બાવન) જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. ગુજરાતમાંથી પણ ૧૧ જેટલા શહેરોમાંથી ૪૧૭ જેટલા પતંગબાજો ભાગ લેશે રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસને વેગ આપવા તેમજ વધુને વધુ પ્રવાસીઓ રાજ્યની મુલાકાત લે અને રાજ્યના સ્થાનિક મેળાઓ-ઉત્સવો લોકોમાં વધુ પ્રચલિત બને તે માટે રાજ્યના પ્રવાસન વિભાગે મેળાઓ અને ઉત્સવોના આયોજન થકી રાજ્યની કલાસંસ્કૃતિ, હસ્તકલા, સ્થાપત્ય, ધાર્મિક અને જોવાલાયક સ્થળોને લોકભોગ્ય બનાવવામાં આવ્યા છે. ગુજરાતમાં ઉત્તરાયણ એટલે કે મકરસંક્રાંતિના તહેવારનું આગવું મહત્વ છે. સમગ્ર રાજ્યના પતંગ રસિયાઓ રંગબેરંગી પતંગો હવામાં ઉડાડીને ઉત્તરાયણનો તહેવાર ઉજવે છે. ગુજરાતની ઉત્તરાયણને વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ બનાવવા અને દેશ દુનિયાના પતંગબાજોને રાજ્યમાં પતંગ ઉડાવવા માટે આમંત્રિત કરવા માટે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'નું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. લોકસંસ્કૃતિ, કલા કારીગરી અને પ્રવાસન ક્ષેત્રની પ્રસિદ્ધિના ભાગરૂપે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ' અગત્યની ભૂમિકા ભજવે છે. શરૂઆતના વર્ષોમાં ફક્ત અમદાવાદ શહેર ખાતે યોજાતો પતંગ મહોત્સવ હવે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પણ આયોજિત કરવામાં આવે છે.આ વર્ષે તારીખ ૧૧ જાન્યુઆરી થી ૧૪ જાન્યુઆરી દરમિયાન ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો ઉદ્‌ઘાટન સમારંભ ૧૧ જાન્યુઆરીના રોજ સવારે ૯ વાગ્યે અમદાવાદમાં વલ્લભસદન રિવરફ્રન્ટ ખાતે યોજાશે.અમદાવાદમાં આયોજિત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૨૫ના ઉદ્ધાટન સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રવાસન મંત્રી શ્રી મૂળૂભાઈ બેરા તેમજ અન્ય અતિથિગણ ઉપસ્થિત રહેશે. રાજ્યના વિવિધ જિલ્લાઓની વાત કરીએ તો, ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સ્ટેચ્યૂ ઓફ યુનિટી (એકતા નગર), રાજકોટ તથા વડોદરા ખાતે તેમજ ૧૩ જાન્યુઆરીના રોજ સુરત, શિવરાજપુર, ધોરડો ખાતે પણ 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે.આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજયો માંથી ૫૨ (બાવન) જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. આ ઉપરાંત ગુજરાત રાજ્યમાંથી પણ ૧૧ જેટલા શહેરોમાંથી ૪૧૭ જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે.આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના ઉદઘાટન પ્રસંગના મુખ્ય આકર્ષણો આ મુજબના રહેશે. ઉદઘાટન પ્રસંગે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ ઋષિકુમારો દ્વારા આદિત્ય સ્તુતિ વંદના પાઠ થશે. એટલું જ નહીં, આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પતંગબાજો દ્વારા પરેડ પણ આયોજીત કરવામાં આવી છે. આ ઉપરાંત નાઈટ કાઈટ ફાઈલિંગ, સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ, પતંગ વર્કશોપ, હેન્ડીક્રાફ્ટ સ્ટોલ, રિફ્રેશમેન્ટ સ્ટોલ પણ મુલાકાતીઓ માટે રાખવામાં આવ્યા છે. 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'ના આયોજન થકી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યના વિવિધ પ્રવાસન સ્થળો પ્રમોટ થાય છે, જેના થકી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. દેશ વિદેશમાંથી ગુજરાત આવતા પતંગબાજો અને તેમની અવનવા આકારોવાળી રંગબેરંગી પતંગો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું મુખ્ય આકર્ષણ હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉત્સવોને જનભાગીદારીથી જનઉત્સવ તરીકે ઉજવવવાની શરૂ કરેલી પરંપરાને આપણે આગળ ધપાવતા રણોત્સવ, તાનારીરી મહોત્સવ, મોઢેરા સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ મહોત્સવ તેમજ સોમનાથ અને દ્વારકાના પવિત્ર યાત્રાધામોમાં પ્રવાસન ઉત્સવ અને દાંડીમાં નેશનલ સોલ્ટ મેમોરીયલ, ગાંધી આશ્રમ વગેરેને ઉત્સવ ઉજવણી અને પ્રવાસન સાથે જોડીને નવો ઉત્સાહ-ઉમંગ-થનગનાટ તથા નવી ચેતના ઉજાગર કરી છે. આવા ઉત્સવોની ઉજવણીની આપણી પરંપરાને કારણે પ્રવાસન વિકસ્યું છે.સૂર્યના ઉત્તર તરફના પ્રયાણ ઉત્તરાયણના પર્વને પર્યાવરણ પ્રકૃતિની ઉપાસનાના સંસ્કાર વારસા સાથે પતંગોત્સવના માધ્યમથી આગળ ધપાવવામાં આવી રહી છે. આવા ઉત્સવોને લીધે જ ગુજરાતની સંસ્કૃતિ અને પ્રવાસન વિરાસત વિશ્વભરમાં પ્રખ્યાત થઇ છે અને દુનિયાભરના લોકો ગુજરાત આવવા પ્રેરાય છે. એટલું જ નહી, સૌના સાથ- સૌના વિકાસ દ્વારા જ્ઞાતિ-જાતિ-પ્રાંતથી ઉપર ઉઠીને દેશની એકતા અને અખંડિતતા આવા ઉત્સવોના માધ્યમથી વધુ સુદ્રઢ બની છે. ગુજરાત રાજ્ય તેના વિવિધ પ્રકારના મેળાઓ અને ઉત્સવોની ઉજવણી માટે દેશભરમાં તેમજ વૈશ્વિક સ્તરે પણ પ્રસિદ્ધ છે. ગુજરાતના મેળાઓ અને ઉત્સવો અહીંની સ્થાનિક લોકસંસ્કૃતિનું પ્રતિબિંબ છે, જેમાં સમાજનો દરેક વર્ગ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. તેથી આવા મેળા અને ઉત્સવોમાં પ્રવાસન સ્થળોની પ્રસિદ્ધિ કરવાનો ખૂબ જ સારો મોકો મળી રહે છે.

### ડિજિટલ ગુજરાતઃ રાજ્યના ગ્રામીણ ઘરો હવે બનશે 'સ્માર્ટ હોમ્સ'

# ગુજરાતના ગ્રામ્ય વિસ્તારના ઘરોને માર્કેટ કરતા સસ્તા દરે ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઈન્ટરનેટ સુવિધા પ્રદાન કરવા માટે રાજ્ય સરકારની 'હર ઘર કનેક્ટિવિટી' પહેલ



File Photo

(જી.એન.એસ)

ગાંધીનગર, તા.૮

રાજયના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ GFGNL દ્વારા વિવિધ એજન્સીઓ સાથે ભાગીદારી કરીને પાયલટ પ્રોજેક્ટ તરીકે અંદાજિત ૨૫,૦૦૦ ફાઈબર ટુ હોમ જોડાણ આપવામાં આવશે ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ થકી જનસુખાકારી અને 'ઈઝ ઑફ લિવિંગ' વધારવાના ઉદ્દેશ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'ડિજિટલ ઈન્ડિયા' અભિયાનની શરૂઆત કરી હતી. સમયની સાથે આ અભિયાન વધુ વિસ્તૃત થયું છે. આ અભિયાનને સાકાર કરવા માટે ગુજરાત પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ડિજિટલ ગુજરાતની દિશામાં આગળ વધી રહ્યું છે. રાજ્યના ગ્રામીણ વિસ્તારોના ઘરોને 'સ્માર્ટ હોમ્સ' માં રૂપાંતરિત કરીને તેમને ડિજિટલી સશક્ત બનાવવાના ઉદ્દેશ સાથે ગત સુશાસન દિવસ એટલે કે ૨૫ ડિસેમ્બરના રોજ મુખ્યમંત્રીશ્રીના દિશા નિર્દેશનમાં હર ઘર કનેક્ટિવિટી (ફાઈબર ટુ ફેમિલિ) પહેલની શરૂઆત કરવામાં આવી હતી. આ પહેલ હેઠળ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારના ઘરોને માર્કેટ કરતા સસ્તા દરોએ ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઈન્ટરનેટ કનેક્શન તેમજ અન્ય વેલ્યુ એડેડ સર્વિસિસ પૂરી પાડવામાં આવશે. વિવિધ એજન્સીઓ સાથે ભાગીદારી કરીને પાયલટ પ્રોજેક્ટ તરીકે અંદાજિત ૨૫,૦૦૦ ફાઈબર ટુ હોમ જોડાણ રાજયના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્ક લિમિટેડ (GFGNL) દ્વારા હર ઘર કનેક્ટિવિટી (ફાઈબર-ટુ-ફેમિલિ) પહેલ શરૂ કરવામાં આવી છે. આ પહેલ અંતર્ગત GFGNL દ્વારા, ગ્રામીણ વિસ્તારના ઘરોને સસ્તા અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઈન્ટરનેટ કનેક્શનની સાથે વેલ્યુ-એડેડ-સેવાઓ (VAS) જેવી કે વાઈ-ફાઈ સેવા, કેબલ TV (ફ્રી-ટુ-એર અને પેઈડ ચેનલ્સ), ઓ. ટી. ટી. (ઓવર-ધ-ટોપ ટેલિવિઝન) અને ગેમિંગનો આનંદ મળી રહે તે હેતુથી, વિવિધ એજન્સીઓ સાથે ભાગીદારી કરીને પાયલટ પ્રોજેક્ટ તરીકે શરૂઆતમાં ૨૫,૦૦૦ FTTH (ફાઈબર-ટુ-હોમ) જોડાણ આપવામાં આવશે. ત્યારબાદ, ભવિષ્યમાં આ જોડાણો વધારવામાં આવશે અને વધુ ને વધુ ગ્રામ્ય વિસ્તારના ઘરોને તેનો લાભ આપવામાં આવશે. આ પહેલ થકી ગ્રામ્ય વિસ્તારોના ઘરોને ટેલિવિઝન મનોરંજન, યુટિલિટી બિલોની ચૂકવણી, ડિજિટલ સર્વિસ સ્ટેક, ગવર્મેન્ટ ટુ સિટિઝન્સ (G2C) જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત, ઓનલાઈન એજ્યુકેશન (ઈ-એજ્યુકેશન), કૃષિ કે ખેતીવાડી માટ IoT સોલ્યુશન્સ, ઈ-એગ્રીકલ્ચર, પશુપાલન સંલગ્ન માહિતી પ્રસારણ, આરોગ્ય માટે ઈ-હેલ્થ અને ટેલિ-મેડિસિન્સ જેવી સેવાઓ પણ ઘરબેઠા જ ઉપલબ્ધ થઈ શકશે. આ પહેલ દ્વારા ગ્રામીણ ઘરોને ડિજિટલી સશક્ત બનાવીને 'સ્માર્ટ હોમ્સ' રૂપાંતરિત કરવામાં આવશે. આ પહેલ શહેરી-ગ્રામીણ ડિજિટલ અંતરને દૂર કરશે તેમજ ગુજરાતના ગ્રામીણ નાગરિકોને શહેરી વિસ્તારને સમકક્ષ સેવા, લાભો અને તકો પ્રદાન કરી શકાશે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સુલભ ડિજિટલ કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે ચાર નવી પહેલોરાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સુલભ ડિજિટલ કનેક્ટિવિટી પ્રદાન કરવાના ઉદ્દેશથી ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળના ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્ક લિમિટેડ (GFGNL) દ્વારા ચાર નવી પરિવર્તનકારી પહેલો ગયા મહિને ૨૫ ડિસેમ્બરના રોજ શરૂ કરવામાં આવી હતી. આ પહેલોમાં હર ઘર કનેક્ટિવિટી (ફાઈબર-ટુ-ફેમિલી) પહેલ ઉપરાંત, ગ્રામ્ય કક્ષાએ કનેક્ટિવિટી - ફાઈબર ટુ ફિલ્ડ ઓફિસ પહેલ, ફાઈબર-ટુ-ફાર ફ્લંગ ટાવર્સ' પહેલ, તેમજ શહેરી કક્ષાએ કનેક્ટિવિટીની પહેલનો સમાવેશ થાય છે. આ પહેલો હેઠળ, રાજ્યના ગ્રામ્ય પ્રજાજનોને સરળતાથી ડિજિટલ કનેક્ટિવિટી મળે તે હેતુથી ગ્રામીણ સરકારી કચેરીઓને ભારતનેટ નેટવર્ક થકી રાજ્યના પાટનગર ગાંધીનગર સાથે જોડવામાં આવશે, જે ઈ-ગવર્નન્સને વધુ મજબૂત બનાવશે. આ ઉપરાંત, ય્હ્વ્દ્ધ- શહેરી વિસ્તારોમાં પણ સરકારી કચેરીઓ માટે ઝડપી કનેક્ટિવિટી પ્રદાન કરશે.ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય સ્ટેટ લેડ મોડેલ અંતર્ગત ભારતનેટ ફેઝ-૩ (અમેન્ડેડ ભારતનેટ પ્રોગ્રામ) માટે ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન (DoT) દ્વારા પસંદ કરવામાં આવેલું પ્રથમ રાજ્ય છે, જેના અંતર્ગત મેમોરેન્ડમ ઓફ કો-ઓપરેશન (MoC) પર કેન્દ્ર સરકાર સાથે સમજૂતી કરાર થયેલ છે. ગુજરાત રાજ્ય ભારતનેટ ફેઝ-૨ પ્રોજેક્ટ માળખા તેમજ ઉપયોગિતામાં અગ્રેસર રહેલ છે, આ સાથે ભારતનેટ ફેઝ-૩માં પણ અગ્રેસર રહેવા માટે કટિબદ્ધ છે.ઉપરોક્ત ચાર પરિવર્તનકારી પહેલ થકી આગામી સમયમાં ગુજરાત સરકાર કનેક્ટેડ ગવર્મેન્ટ, કનેક્ટેડ સિટિઝન્સ, કનેક્ટેડ કમ્યુનિટી અન ્કનેક્ટેડ બિઝનેસનો લક્ષ્યાંક સાકાર કરશે. ગ્રામીણ સમુદાયોના સશક્તિકરણ થકીના આ પ્રયાસો ડિજિટલ ગુજરાતની યાત્રાને વધુ વેગ આપશે જે વડાપ્રધાનશ્રીના ડિજિટલ ઈન્ડિયાના વિરાટ સ્વપ્નને સાકાર કરવામાં મહત્વપૂર્ણ બની રહેશે.

# પાયલે લેટર કુરિયર કર્યો તે CCTV સામે આવ્યા

અમરેલી,તા.૮

અમરેલીથી ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય કૌશિક વેકરિયાને બદનામ કરવાના ઈરાદાથી નકલી લેટરકાંડનો મુદ્દો સૌથી ચર્ચામાં છે. આ ઘટનામાં પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. જેમાં એક પાટીદાર યુવતી પાયલ ગોટી હતી. પોલીસે પાયલ ગોટીનું કથિત સરઘસ કાઢવા મુદ્દે સમગ્ર ગુજરાતમાં આ મુદ્દો ચર્ચાનો વિષય બની ગયો હતો. આ કેસમાં પાયલ ગોટીને કોર્ટમાંથી જામીન મળી ગયા છે. આ વચ્ચે એક સૌથી મોટો ખુલાસો થયો છે.

અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાને બદનામ કરવાના ઈરાદાથી જે નકલી લેટર બનાવવામાં આવ્યો હતો તે લેટર કુરિયર કરવા માટે પાયલ ગોટી પહોંચી હતી. પાયલ જે જગ્યાએ લેટર કુરિયર કરવા ગઈ હતી ત્યાંના સીસીટીવી વાયરલ થયા છે. લેટરકાંડમાં ખળભળાટ મચાવતા સીસીટીવી સામે આવ્યા છે. આરોપી મનીષ વઘાસિયાએ આ લેટર કુરિયર કરવા માટે પાયલને મોકલી હતી. આ લેટરમાં ધારાસભ્ય કૌશિક વેકરિયા પર આરોપ લગાવવામાં આવ્યા હતા. સતત બે દિવસ સુધી પાયલે અલગ-અલગ કુરિયર કર્યા હતા. કુરિયરનું પેમેન્ટ રોકડમાં અને ઓનલાઈન કર્યું હતું.

અમરેલી લેટરકાંડમાં આરોપી પાયલ ગોટી મામલે હજુ એક મોટો ખુલાસો થયો છે. કોર્ટે પાયલ ગોટીને પોલીસના વર્તન અંગે સવાલો કર્યા હતા. જામીન બાદ પોલીસ અંગે પાયલને સવાલ કરવામાં આવ્યા હતા. પાયલે અમરેલી કોર્ટમાં લેખિતમાં જવાબ આપ્યો હતો.

# રાજ્યમાં પીવાના પાણીની સમસ્યાના નિવારણ માટે ટોલ-ફ્રી નંબર જાહેર



ગાંધીનગર,તા.૮

આજે ટેકનોલોજી અને ઈન્ટરનેટનો યુગ છે ત્યારે રાજ્ય સરકારે પણ આ દિશામાં ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને રજૂઆતો- સમસ્યાઓનું નિવારણ લાવવાનું સુનિશ્ચિત કર્યું છે. રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં પેયજળને લાગતી સમસ્યાને બનતી ત્વરાએ નિકાલ લાવવા પાણી પુરવઠા વિભાગ દ્વારા ૧૯૧૬ ટોલ ફ્રી નંબર અને વેબસાઈટ અમલી બનાવી છે. રાજ્યમાં વર્ષ ૨૦૧૮થી પાણી પુરવઠા વિભાગ દ્વારા 24X7 હેલ્પલાઈન સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું છે. આ સેન્ટર અને વેબસાઈટ ઉપર અત્યારસુધી ૧,૮૨,૪૬૪ રજૂઆતો નોંધાઈ છે. જે પૈકી ૧,૮૨,૩૩૧ એટલે કે ૯૯.૯૨ ટકા રજૂઆતોનો સંતોષકારક ઉકેલ-નિકાલ કરાયો છે. ટકાઉ વિકાસ માટે પાણીની અગત્યતાને ગુજરાત સરકારે સારી રીતે સમજી, તેને સંલગ્ન અનેકવિધ પગલા- આગવી પહેલ હાથ ધરી છે. જેના પરિણામે રાજ્યના છેવાડાના માનવી સુધી શુદ્ધ પાણી તેમજ પાયાની તમામ સુવિધા પહોચાડી ગુજરાતે દેશભરમાં 'સુશાસન'ની એક આગવી ઓળખ ઊભી કરી છે. આ ઉપરાંત રાજ્યની બહેનોને જળ ક્ષેત્રે બહોળો અનુભવ અને જળલક્ષી તમામ માહિતી મળે તેવા ઉમદા આશયથી પાણી સમિતિઓ કાર્યરત છે, જેમાં ૫૦ ટકા મહિલાઓનું પ્રતિનિધિત્વ હોય છે. ઉપરાંત વાસ્મો દ્વારા ૭૦ ટકાથી વધુ મહિલા સભ્યો ધરાવતી દર વર્ષે ૧૫૦ મહિલા પાણી સમિતિને પ્રતિ સમિતિ રૂા. ૫૦ હજારની પ્રોત્સાહિત રકમ આપવામાં આવે છે. જે અંતર્ગત રાજ્યભરની ૧૩૭૯ મહિલા સમિતિને અત્યાર સુધીમાં રૂા.૬.૧૮ કરોડની પ્રોત્સાહિત રકમ આપવામાં આવી છે. સાથે જ, વાસ્મો દ્વારામહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા-તાલુકાકક્ષાએ તાલીમ શિબિર, પ્રેરણા પ્રવાસ જેવા વિવિધ કાર્યક્રમો યોજવવામાં આવે છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં ૩૮૫ તાલીમ- કાર્યશાળા અને ૨૪૧ પ્રેરણા પ્રવાસમાં અંદાજે ૪૧ હજારથી વધુ બહેનો સહભાગી થઈને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે પોતાનું મહત્તમ યોગદાન આપી રહી છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા જીઆઈએસ મેપીંગ થ્રુ મોનીટરીંગ કરવા માટે IoT સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું છે, જેના પરિણામે જળ વિતરણ-ગુણવત્તામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. IoT સૉફ્ટવેરના માધ્યમથી પાણીના પ્રવાહનું નિરીક્ષણ-વિતરણ કરતી વખતે ડેટા સંગ્રહ અને વિશ્લેષણના માધ્યમથી જળ સુરક્ષા, ગુણવત્તા અને તેની સ્થિરતાને સુનિશ્ચિત કરે છે. આ ઉપરાંત, રાજ્યના વિવિધ ભાગોમાં અત્યારસુધીમાં ૨૩૦૦ જેટલા IoT સૉફ્ટવેર આધારિત ઉપકરણો જેમ કે ફ્લો મીટર વગેરે તેમજ વિશ્લેષકોને સ્થાપિત કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૧૦૦ ઉપકરણોમાંથી રિમોટ ડેટા મેળવવામાં આવ્યો છે, જેનાથી રાજ્યના પાણી વિતરણ નેટવર્કને અનુકૂલિત કરવામાં આવે છે.

# મોદી સરકાર ખેડૂતોની સાથે ઢાલ બની ઉભી છે : અમિત શાહ



નવી દિલ્હી તા.૮

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી સરકાર ખેડૂતોની સાથે રક્ષણાત્મક ઢાલની જેમ ઉભી છે અને તેણે ૨૦૨૫ના પહેલા જ દિવસે આ સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો છે. શાહની ટિપ્પણીઓ કેન્દ્રીય કેબિનેટે રૂા.૩,૮૫૦ કરોડ સુધીના ખર્ચે મુખ્ય ખાતર ડીએપીને સબસિડી આપવા માટે એક વખતના પેકેજની જાહેરાત અને બે પાક-વીમા યોજનાઓના એક વર્ષ માટેના વિસ્તરણને મંજૂરી આપ્યા પછી આવી હતી. તેમણે X ઉપર હિન્દીમાં એક પોસ્ટમાં લખ્યું કે, 'મોદી સરકાર ખેડૂતોની સાથે રક્ષણાત્મક ઢાલની જેમ ઉભી છે અને આજે, ૨૦૨૫ના વર્ષની શરૂઆતમાં જ તેણે આ સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો છે. DAP ઉપર વધારાની સબસિડીનો નિર્ણય એ સુનિશ્ચિત કરશે કે DAP અમારા ખેડૂતોને આંતરરાષ્ટ્રીય બજારોમાં તેની કિંમતો વધવા છતાં વાજબી ભાવે ઉપલબ્ધ હોય, આ ખાસ પેકેજ માટે મોદીજીનો આભાર.' ગૃહપ્રધાને જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠકે પીએમ પાક વીમા યોજના ચાલુ રાખવા માટે રૂા.૬૯,૫૧૫.૭૧ કરોડની રકમને મંજૂરી આપી છે, જે લાખો ખેડૂતોને પાકના નુકસાનની ચિંતાથી મુક્ત રાખે છે. વધુમાં, ૮૨૪.૭૭ કરોડના ખર્ચે ઈનોવેશન એન્ડ ટેક્નોલોજી (FIAT) માટેના ફંડને પણ મંજૂરી આપવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું. પંજાબ સરકારે ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલને તબીબી સહાય લેવા માટે સમજાવવાના પ્રયાસો ચાલુ રાખ્યા હતા, પૂર્વ વધારાના ડીજીપી જસકરણ સિંઘે જણાવ્યું હતું કે આ સંદર્ભે ખેડૂત નેતાઓ સાથે પણ ચર્ચા કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક દિવસોમાં, જસકરણ સિંહની આગેવાની હેઠળની રાજ્ય સરકારની ટીમે ડલ્લેવાલ, જેમની અનિશ્ચિત ભૂખ હડતાલને ૩૭ દિવસ પૂરા થયા છે, તેમને તબીબી સહાય લેવા માટે મનાવવાના ઘણા પ્રયાસો કર્યા છે, પરંતુ અત્યાર સુધી તેમણે ઈનકાર કર્યો છે. અગાઉ, સર્વોચ્ચ અદાલતે પંજાબ સરકારને ૩૧ ડિસેમ્બર સુધીનો સમય આપ્યો હતો કે તેઓ દલ્લેવાલને હોસ્પિટલમાં ખસેડવા માટે સમજાવે, જો જરૂરી હોય તો, રાજ્યને કેન્દ્ર પાસેથી લોજિસ્ટિકલ સપોર્ટ મેળવવાની સ્વતંત્રતા આપી. ન્યાયમૂર્તિ સૂર્યકાન્ત અને સુધાંશુ ધુલિયાની વેકેશન બેન્ચે પંજાબ સરકાર દ્વારા SCના ૨૦ ડિસેમ્બરના આદેશનું પાલન કરવા માટે વધારાના ત્રણ દિવસની માંગ કરતી અરજીની નોંધ લીધી હતી. દલ્લેવાલને હોસ્પિટલમાં શિફ્ટ કરવા અંગેના તેના આદેશના પાલન માટે સર્વોચ્ચ અદાલતે ૨ જાન્યુઆરીએ મામલો પોસ્ટ કર્યો હતો. પંજાબ સરકારે વેકેશન બેંચને જાણ કરી હતી કે કેન્દ્રે મંત્રણા કરવાની તેમની દરખાસ્ત સ્વીકારી હોવાને કારણે દલ્લેવાલ તબીબી સહાય માટે સંમત થયા છે. ૨૮ ડિસેમ્બરના રોજ, સર્વોચ્ચ અદાલતે પંજાબ સરકાર પર દલ્લેવાલને હોસ્પિટલમાં ન ખસેડવા બદલ ભારે આકરી ઝાટકણી કાઢી હતી, તેમ છતાં તેણે આંદોલનકારી ખેડૂતોના તેમના વિદાયમાન નેતાને તબીબી સહાયની ઉપલબ્ધતાનો વિરોધ કરવા માટેના ઈરાદા ઉપર શંકા વ્યક્ત કરી હતી. ૨૦ ડિસેમ્બરના રોજ, સર્વોચ્ચ અદાલતે દલ્લેવાલના હોસ્પિટલમાં દાખલ થવા અંગે નિર્ણય લેવાની જવાબદારી પંજાબ સરકારના અધિકારીઓ અને ડૉક્ટરો પર મૂકી. દિવસ દરમ્યાન ખનૌરી બોર્ડર ઉપર દલ્લેવાલને મળ્યા બાદ પત્રકારો સાથે વાત કરતા, પંજાબના નિવૃત્ત પોલીસ અધિકારી જસકરણ સિંહે કહ્યું, 'અમે તેમની સાથે તેમના સ્વાસ્થ્ય અંગે વાત કરી હતી. અમે થોડા દિવસો પહેલા તેમના રક્ત પરીક્ષણ કરાવ્યા હતા. અમે તેમને ફરીથી અપીલ કરી હતી. જો તે ઉપવાસ તોડવા ન માંગતા હોય, તો ઓછામાં ઓછું તેણે તબીબી સહાય લેવી જોઈએ.' જસકરણ સિંહે ખેડૂત નેતાઓ સાથે બે રાઉન્ડ બેઠકો પણ કરી હતી.

# સરકાર એફિડેવિટ અને જવાબો દાખલ કરવામાં અતિશય વિલંબ કરે છે તેના કારણે કોર્ટમાં અનેક કેસો પેન્ડિંગ રહ્યા છે

## કોર્ટની વારંવારની ચેતવણીઓ છતાં જાહેર એજન્સીઓ સમયસર કાઉન્ટર એફિડેવિટ ફાઈલ કરતી ન હોવાને કારણે અનેક કેસો વર્ષોથી અદાલતોમાં અટવાયેલા છે

નવી દિલ્હી તા.૮

ભારતની બંધારણીય અદાલતો, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં પેન્ડિંગ કેસોની સંખ્યાના ઘણા કારણો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા તેમની સામે કોર્ટમાં દાખલ કરાયેલા કેસોના જવાબો દાખલ કરવામાં ઢીલ અને તેમના આદેશો ઉપર પર્યાપ્ત ધ્યાન આપવામાં આવતું નથી. ભારતીય રાજ્ય તમામ ભારતીય અદાલતોમાં સૌથી મોટો દાવેદાર છે, જે તમામ પેન્ડિંગ દાવાઓમાં અડધાથી વધુ હિસ્સો ધરાવે છે. એવા કિસ્સાઓમાં કે જેમાં કોઈપણ સરકારી અથવા જાહેર એજન્સી સંડોવાયેલી હોય, તે કોર્ટની પ્રક્રિયા નક્કી કરે છે કે, એકવાર કોર્ટ દ્વારા અરજી દાખલ કરવામાં આવે, તેની નોટિસ સરકારને આપવામાં આવે છે. સરકાર અથવા કોઈપણ પ્રતિવાદી પક્ષ, તે બાબત માટે પિટિશનનો પ્રતિસાદ આપતા પ્રતિ સોગંદનામું દાખલ કરે છે. કાઉન્ટર એફિડેવિટમાં સાર્વજનિક સત્તાધિકારીને દાવો શરૂ કરનાર પક્ષ દ્વારા કરવામાં આવેલા કેસને રદિયો આપવાની તક મળે છે. સરકાર દ્વારા કાઉન્ટર એફિડેવિટ ફાઈલ કરવા માટે કાયદાકીય રીતે કોઈ નિર્ધારિત સમય મર્યાદા નથી. કોર્ટ સામાન્ય રીતે કેસની જટિલતા અને સુનાવણીની આગામી તારીખના આધારે સરકારને તેમનો જવાબ દાખલ કરવા માટે ચારથી આઠ સપ્તાહનો સમય આપે છે. વિવિધ અદાલતો અને રાજ્ય સરકારો જવાબો દાખલ કરવા માટે લઘુત્તમ સમયગાળો તેમજ ક્યારે એક્સટેન્શન માંગી શકાય અને કેટલા સમય માટે તેના પોતાના નિયમો ધરાવે છે. ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે સરકારી એજન્સીઓને આદેશ આપ્યો હતો કે, તેઓ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલી તારીખના ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલા તેમના જવાબો દાખલ કરે.

જો કે, કેન્દ્ર અને રાજ્યોની સરકારો નિયમિતપણે જવાબો દાખલ કરવા માટે કોર્ટ દ્વારા નિર્ધારિત સમયમર્યાદાનો ભંગ કરે છે. આના પરિણામે કોર્ટમાં કેસની આગળ વધવામાં પણ અસાધારણ વિલંબ થાય છે. અદાલતો કેટલીકવાર આ માટે સરકારને સૂચના આપે છે અને દંડ પણ લાદી શકે છે, પરંતુ આ પ્રક્રિયાનો દીર્ઘકાલીન દુરૂપયોગ થઈ રહ્યો છે. વર્ષોથી એફિડેવિટ દાખલ કરવામાં સરકારોની નિષ્ફળતાને કારણે રાજકીય રીતે સંવેદનશીલ અને મહત્ત્વપૂર્ણ કેસ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે.

સર્વોચ્ચ અદાલતે પૂજા સ્થળ કાયદાને પડકારતાં સપ્ટેમ્બર ૨૦૨૨માં કેન્દ્ર સરકારને બે અઠવાડિયાની અંદર એફિડેવિટ દ્વારા આ બાબતે તેની સ્થિતિ પ્રદાન કરવા જણાવ્યું હતું. ત્યારથી ઓકટોબર અને નવેમ્બર ૨૦૨૨માં અને પછી જાન્યુઆરીમાં, એપ્રિલમાં અને ગયા વર્ષે જુલાઈમાં વારંવાર એક્સટેન્શન આપવામાં આવ્યા હોવા છતાં કેન્દ્ર સરકાર એફિડેવિટ દાખલ કરવામાં નિષ્ફળ રહી હતી. આ મામલે ૧૨ ડિસેમ્બરે હાથ ધરવામાં આવેલી છેલ્લી સુનાવણીમાં કોર્ટે સરકારને જવાબ દાખલ કરવામાટે વધુ ચાર અઠવાડિયાનો સમય આપ્યો હતો. એ જ રીતે ઈન્ડિયન ફેડરેશન ઓફ એપ- આધારિત ટ્રાન્સપોર્ટ વર્કર્સ દ્વારા સુપ્રીમ કોર્ટમાં સામાજિક સુરક્ષા લાભોની માગણી કરતી અરજીમાં કોર્ટે કેન્દ્ર સરકારના જુદા-જુદા વિભાગોને ફેબ્રુઆરી ૨૦૨૨માં તેમના જવાબો દાખલ કરવા માટે ચાર અઠવાડિયાનો સમય આપ્યો હતો. નવેમ્બરમાં કોર્ટે હજુ સુધી તેમના જવાબો દાખલ ન કરવા બદલ વિભાગોને ઠપકો આપ્યો અને આવતા વર્ષે જાન્યુઆરી સુધી વધુ સમય આપ્યો.



૨૦૨૦માં સુપ્રીમ કોર્ટમાં શરૂ થયેલી સ્થળાંતર કામદારોની દુર્દશાને લગતી અરજીમાં કોર્ટે ૨૦૨૧માં આદેશ આપ્યો હતો કે, આવા કામદારોને રાજ્ય સરકારો દ્વારા રેશન કાર્ડ પ્રદાન કરવું આવશ્યક છે. પરંતુ કેન્દ્ર અને ઘણી રાજ્ય સરકારો બંનેએ કોર્ટના આદેશના પાલનની વિગતો આપતા સોગંદનામા દાખલ કરવાના બાકી છે. અદાણી ગ્રુપ દ્વારા હિન્ડનબર્ગ રિસર્ચ દ્વારા સ્ટોક મેનિપ્યુલેશનના આરોપોની તપાસની માગણી કરતી અરજીઓ સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવી હતી, ત્યારે તેણે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાને મે ૨૦૨૩ સુધીમાં આરોપોની તપાસ કરવાનું કામ સોંપ્યું હતું. એપ્રિલમાં ભારતીય સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડે સમૂહની લિસ્ટેડ, અનલિસ્ટેડ અને ઓફશોર એન્ટિટી સાથે સંકળાયેલા જટિલ વ્યવહારોને ટાંકીને વધુ છ મહિનાનો સમય માંગ્યો હતો. મે મહિનામાં સુપ્રીમ કોર્ટે તેને ૧૪ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી લંબાવવાની મંજૂરી આપી હતી. ત્યાર બાદ બજાર નિયમનકારે સર્વોચ્ચ અદાલત પાસે વધુ ૧૫ દિવસનો સમય માંગ્યો હતો. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ આ મામલે પોતાનો રિપોર્ટ સબમિટ ન કર્યો હોવા છતાં, સુપ્રીમ કોર્ટે આ વર્ષે ૩ જાન્યુઆરીએ જાહેર હિતની અરજીઓનો નિકાલ કરીને અંતિમ ચુકાદો આપ્યો હતો. આ આદેશમાં કોર્ટે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાને તેની તપાસ ત્રણ મહિનામાં પ્રાધાન્યમાં ઝડપથી પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો હતો. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાનો તપાસ અહેવાલ હજુ સુધી સાર્વજનિક ડોમેનમાં નથી અને તે અસ્પષ્ટ છે કે, તપાસ પણ પૂર્ણ થઈ છે કે કેમ.

ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (મધ્યસ્થી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) નિયમો, ૨૦૨૧ને મદ્રાસ હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો હતો, ત્યારે કેન્દ્ર સરકારને જુલાઈ ૨૦૨૧માં તેનું કાઉન્ટર એફિડેવિટ દાખલ કરવા માટે બે અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો હતો. સરકારે આખરે ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ જ તેનું સોગંદનામું દાખલ કર્યું હતું. અદાલતો તેના આદેશોના તિરસ્કાર માટે સરકારો ઉપર આરોપ મૂકવા માટે અધિકૃત છે પરંતુ અદાલતો જાહેર એજન્સીઓ સામે આ સત્તાનો ઉપયોગ લગભગ ક્યારેય કરતી નથી. પરિણામે સરકારો તેમના જવાબો દાખલ કરવામાં વર્ષો સુધી વિલંબ કરે છે.

દાખલા તરીકે કેરળમાં એર્નાકુલમ- મુવાટ્ટુપુઝા રૂટના રાષ્ટ્રીયકરણને પડકારતી અરજી ૨૦૧૮માં કેરળ હાઈકોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવી હતી. કેરળ સરકારે હજુ સુધી તેનો જવાબ નોંધાવ્યો નથી. જૂન ૨૦૨૪માં હાઈકોર્ટે રાજ્ય સરકારના અનાદર અને તેના ઉદ્ધત વલણ માટે ભારે ટીકા કરી હતી અને તેને તેનો કાઉન્ટર ફાઈલ કરવાની છેલ્લી તક આપી હતી. નવેમ્બર ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને મૂળભૂત ફરજોના અમલની માંગ કરતી જાહેર હિતની અરજીમાં તેમના કાઉન્ટર એફિડેવિટ ફાઈલ કરવાની એક અંતિમ તક આપી હતી. કોર્ટે તે વર્ષે એપ્રિલમાં એફિડેવિટ મંગાવી હતી. આ કેસ હજુ પેન્ડિંગ છે, કેટલીક રાજ્ય સરકારોએ અઢી વર્ષ પછી પણ તેમના કાઉન્ટર ફાઈલ કર્યા નથી.

સરકારો આવા વિલંબ કરે છે તેનું સંભવિત કારણ કોર્ટ દ્વારા અસરકારક પગલાનો અભાવ છે. તેમની તિરસ્કાર સત્તાનો ઉપયોગ કરવાને બદલે, અદાલતો મોટાભાગે સરકારો ઉપર સામાન્ય દંડ લાદે છે. આ દંડ એટલો નાનો છે કે તે અપૂરતો છે. નવેમ્બર ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને રાજ્ય એજન્સીઓ દ્વારા ઈલેક્ટ્રોનિક ઉપકરણની શોધ અને જપ્તી અંગેના માર્ગદર્શિકાની માગણી કરતી તે વર્ષની શરૂઆતમાં દાખલ કરવામાં આવેલી અરજીઓના બેચનો જવાબ દાખલ ન કરવા બદલ ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ત્યારપછી સરકારે આ મામલાની તપાસ કરવા માટે એક સમિતિની રચના કરી હોવાના બહાને આ કેસમાં વધુ સમય લીધો હતો.

જાન્યુઆરી ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રીય લઘુમતી શિક્ષણ સંસ્થા અધિનિયમની જોગવાઈની માન્યતાને પડકારતી જાહેર હિતની અરજીમાં તેનું કાઉન્ટર એફિડેવિટ ફાઈલ ન કરવા બદલ કેન્દ્ર ઉપર ૭૫૦૦ રૂપિયાનો દંડ લાદ્યો હતો. કોર્ટે સૌપ્રથમ સરકારને જુલાઈ ૨૦૨૧માં તેને દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. સરકારે આખરે માર્ચ ૨૦૨૨માં તેનો જવાબ દાખલ કર્યો હતો. જાન્યુઆરી ૨૦૧૭માં અલ્હાબાદ હાઈકોર્ટે વડાપ્રધાન કાર્યાલય અને કેન્દ્રીય કાયદા મંત્રાલયને કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા અહેવાલો અને વાંધાઓ ઉપર કેન્દ્ર દ્વારા નિષ્ક્રિયતા દર્શાવતા જાહેર હિતનો જવાબ દાખલ કરવામાં વિલંબ કરવા બદલ માત્ર ૫૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. કોર્ટે તેમને સપ્ટેમ્બર ૨૦૧૬ સુધીમાં જવાબ દાખલ કરવા કહ્યું હતું. ઓકટોબર ૨૦૧૬માં સુપ્રીમ કોર્ટે દિલ્હીના આરોગ્ય પ્રધાન પર કોર્ટ દ્વારા માંગવામાં આવેલ એફિડેવિટ ફાઈલ ન કરવા બદલ ૨૫,૦૦૦ રૂપિયાનો ખર્ચ લાદ્યો હતો. કોર્ટે લેફ્ટનન્ટ ગવર્નરને એવી જાણ કરતા અધિકારીઓના નામ માંગ્યા હતા કે, શહેરમાં મેલેરિયા અને ચિકનગુનિયાના ફેલાવાને રોકવા માટે તેની સાથે સહકાર આપી રહ્યા નથી.

જુલાઈ ૨૦૧૮માં ઉત્તરાખંડ હાઈકોર્ટે એક કેસમાં નોંધ્યું હતું કે, સામાન્ય રીતે રાજ્ય સરકાર દ્વારા જવાબ/ એફિડેવિટ દાખલ કરવામાં વિલંબ થાય છે, જે બિનજરૂરી રીતે કાર્યવાહીમાં વિલંબ કરે છે. તેણે એડવોકેટ જનરલને સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો કે, રાજ્ય સરકાર દ્વારા તમામ જવાબો અને એફિડેવિટ સમયસર ફાઈલ કરવામાં આવે. મદ્રાસ હાઈકોર્ટના મામલામાં સાડા સાત વર્ષ પછી કાઉન્ટર એફિડેવિટ દાખલ કરવા બદલ તામિલનાડુ સરકારને ઓગસ્ટ ૨૦૨૩માં દંડ ફટકારવામાં આવ્યો હતો, કોર્ટે ક્ષોભ વ્યક્ત કર્યો હતો કે, સરકાર દ્વારા આટલો વિલંબ એ લાંબા સમયથી પડતર કેસોનું એક મુખ્ય કારણ છે. ઓગસ્ટ ૨૦૨૪માં બોમ્બે હાઈકોર્ટે મહારાષ્ટ્ર સરકાર અને શહેર અને ઔદ્યોગિક વિકાસ નિગમને સરકાર દ્વારા ખાનગી નાગરિકની જમીનના કથિત ગેરકાયદેસર સંપાદનને લગતી રિટ પિટિશનનો જવાબ દાખલ ન કરવા બદલ સખત ઠપકો આપ્યો હતો. રાજ્ય સત્તાવાળાઓએ મૂળરૂપે જુલાઈ ૨૦૨૩ સુધીમાં તેમના જવાબો દાખલ કરવાના હતા. આ મામલો હજુ પેન્ડિંગ છે.

# ગૃહ મંત્રાલયે સુપ્રીમ કોર્ટના ચુકાદાનું પાલન કરતા જાતિ આધારિત ભેદભાવને સમાપ્ત કરવા માટે જેલ મેન્યુઅલ નિયમોમાં સુધારો કર્યો

## રાજ્યોમાં ભેદભાવપૂર્ણ જેલ મેન્યુઅલ જોગવાઈઓ અંગે ધ વાયરની સુકન્યા શાંતા દ્વારા દાખલ કરાયેલ પીઆઈએલ પર સુપ્રીમ કોર્ટના આદેશને પગલે આ સુધારો ખાસ કરવામાં આવ્યો છે

નવી દિલ્હી, તા.૮

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જાતિના આધારે જેલના કેદીઓ સાથે ભેદભાવ, વર્ગીકરણ અને અલગતાને ચકાસવા માટે જેલ મેન્યુઅલ નિયમોમાં સુધારો કર્યો છે. ૩૦ ડિસેમ્બરના રોજ જારી કરાયેલા એક સંદેશમાં, ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, તેની કડક ખાતરી કરવામાં આવશે કે કેદીઓની જાતિના આધારે કોઈ ભેદભાવ/વર્ગીકરણ/વિભાજન ન કરવામાં આવે. આ પત્રમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે જેલના કેદીઓને તેમની જાતિના આધારે કોઈપણ ફરજ/કામની ફાળવણીમાં કોઈ ભેદભાવ ન હોવો જોઈએ. આ સુધારો ૩ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ કેદીઓ સાથે જાતિ આધારિત ભેદભાવ અંગે સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી કરવામાં આવ્યો છે. અદાલતે ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને કેરળ જેવા રાજ્યોમાં જેલ મેન્યુઅલની જોગવાઈઓ અંગે ધ વાયરના પત્રકાર સુકન્યા શાંતા દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (PIL)ની સુનાવણી કરી હતી જે જાતિની અસમાનતાને કાયદેસર બનાવે છે. વરિષ્ઠ વકીલ એસ મુરલીધર, એડવોકેટ દિશાવાડેકર અને એસ પ્રસન્ના સહિતના વકીલો દ્વારા આ કેસ લડવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે જાહેર કર્યું કે જેલ મેન્યુઅલમાં આવી જાતિ આધારિત જોગવાઈઓ ગેરબંધારણીય છે, અને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમની જેલ મેન્યુઅલમાં સુધારો કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ ફેરફારો મોડલ જેલ અને સુધારાત્મક સેવાઓ અધિનિયમ, ૨૦૨૩ના 'વિવિધ' શીર્ષકવાળા પ્રકરણમાં કલમ 55(A) તરીકે 'જેલ અને સુધારાત્મક સંસ્થાઓમાં જાતિ આધારિત ભેદભાવ ઉપર પ્રતિબંધ' શીર્ષક હેઠળ કરવામાં આવ્યા છે. આ પત્રમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે 'મેન્યુઅલ સ્કેવેન્જર્સ તરીકે રોજગાર ઉપર પ્રતિબંધ અને તેમના પુનર્વસન અધિનિયમ, ૨૦૧૩'ની જોગવાઈઓ જેલ અને સુધારાત્મક સંસ્થાઓમાં પણ બંધનકર્તા અસર કરશે. જેલની અંદર ગટર અથવા સેપ્ટિક ટાંકીની મેન્યુઅલ સફાઈ અથવા જોખમી સફાઈની પરવાનગી આપવામાં આવશે નહીં. આ કાયદા હેઠળ મેન્યુઅલ સ્કેવેન્જિંગ પ્રતિબંધિત હોવા છતાં,આ પ્રથા, આજે પણ જોવા મળે છે, અને તે ભારતની જેલોમાં પ્રચલિત છે. મોડલ જેલ મેન્યુઅલ, ૨૦૧૬ અને સુધારાત્મક સેવાઓ અધિનિયમ, ૨૦૨૩ મોડલ જેલમાં સુધારા માટે ગૃહ મંત્રાલયનો પત્ર મંત્રાલયે રીઢા અપરાધીઓને કેઝ્યુઅલ કેદીઓથી અલગ કરવાના કોર્ટના આદેશને પગલે મેન્યુઅલમાં રીઢા અપરાધીઓની વ્યાખ્યામાં સુધારો કર્યો છે. નવી વ્યાખ્યા મુજબ, હેબિચ્યુઅલ અપરાધીનો અર્થ એ છે કે જે વ્યક્તિ પાંચ વર્ષના સતત સમયગાળા દરમ્યાન જુદા જુદા પ્રસંગોએ કરવામાં આવેલા કોઈપણ એક અથવા વધુ અપરાધોને કારણે બે કરતાં વધુ વખત દોષિત અને કેદની સજા ફટકારવામાં આવી હોય. સુપ્રિમ કોર્ટનો આ કદાચ પહેલો ચુકાદો છે જે ભારતમાં અપ્રમાણિત અને વિચરતી સમુદાયોના અપરાધીકરણને સંબોધિત કરે છે. 'હેબિચ્યુઅલ ઓફેન્ડર' (રીઢા ગુનેગારો) શબ્દમાં પૂર્વગ્રહ છે અને તેનો વારંવાર અપ્રચલિત અને વિચરતી જાતિઓનું વર્ણન કરવા માટે વાપરવામાં આવે છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ત્રીજા કુલપતિ પદે કાર્યકારી પદભાર સંભાળતા પ્રો.(ડો) અતુલ બાપોદરા

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીને નેક એક્રેડિટેશન, શિક્ષણલક્ષી, વિદ્યાર્થીલક્ષી, નવા યુનિવર્સિટી કોમન એક્ટ, યુનિવર્સિટીના નિમાણાધિન નુતન ભવનોની કામગીરી સહિત સર્વાંગી વિકાસ માટે નેમ વ્યક્ત કરતા ઈન્ચાર્જ કુલપતિ પ્રો.(ડો.)અતુલ બાપોદરા**





જૂનાગઢ, તા.૮

ભક્તકવિ નરસિંહ મહેતાયુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ તરીકે આજરોજ યુનિવર્સિટીના જ કેમેસ્ટ્રી એન્ડ ફોરેન્સિક સાયન્સ ડીપાર્ટમેન્ટના અધ્યક્ષ તથા સાયન્સ ફેકલ્ટીના ડીન પ્રો.(ડૉ.)અતુલભાઈ બાપોદરાએ વિધીવત ચાર્જ સાંભળી લીધો છે. ઈ.સ.૨૦૧૫-૧૬ માં સ્થપાયેલ. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના ત્રીજા કુલપતિ તરીકે પ્રો.(ડૉ.)અતુલભાઈ બાપોદરાએ આજરોજ યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજીસ્ટ્રાર ડૉ.ડી.એચ.સુખડીયા, સંતગણ, વિવિધ ફેકલ્ટી ડીન, ડીપાર્ટમેન્ટના અધ્યક્ષો,ફેકલ્ટી મેમ્બર્સ,વિવિધ કોલેજોના આચાર્યો અને ટીચિંગ-નોન ટીચિંગ સ્ટાફ અને આત્મિય મિત્રો અને સ્વજનોની વિશાળ હાજરીમાં ચાર્જ સંભાળ્યો હતો. ઉપસ્થિત તમામ લોકોએ પ્રો.(ડૉ.)અતુલભાઈ બપોદરાને હર્ષોનાદથી વધાવ્યા હતા.

કુલપતિ તરીકેનો ચાર્જ સંભાળ્યા બાદ પ્રો.(ડૉ.)અતુલભાઈ બાપોદરાએ જણાવ્યું હતું કે આગામી સમયમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી નેક માટે એપ્લાય થઈ રહી છે, ત્યારે નેક એક્રેડિટેશન, શિક્ષણલક્ષી, વિદ્યાર્થીલક્ષી, નવા યુનિવર્સિટી કોમન એક્ટ સંદર્ભેની કામગીરી, યુનિવર્સિટીના નવા બનતા અદ્યતન પરિસરને પૂર્ણ કરવાની બાબતોને પ્રાથમિકતા આપવામાં આવશે. તમામને સાથે રાખીને યુનિવર્સિટીના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયતશીલ રહેવાની નેમ પણ કુલપતિ પ્રો.(ડૉ.)અતુલભાઈ બાપોદરાએવ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે પ્રો. (ડો.) બાપોદરાએ પોરબંદરની વિખ્યાત એમ..ડી. સાયન્સ કોલેજમાં પ્રોફેસર તરીકે ઘણા વર્ષો સુધી યશસ્વી કામગીરી બજાવ્યા બાદ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની શરૂઆત થતાં તેનો હિસ્સો બની તેઓએ યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓનું સફળ અને સુપેરે સંચાલન કર્યું હતું, ઉપરાંત પ્રો.(ડો.) અતુલભાઈ બાપોદરાએ ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજિસ્ટ્રાર તરીકે પણ સફળ સંચાલન કર્યુ હતુ. વર્ષ ૨૦૧૮માં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કેમેસ્ટ્રી એન્ડ ફોરેન્સિક સાયન્સ ડિપાર્ટમેન્ટમાં તેઓ પ્રોફેસર એન્ડ હેડ તરીકે જોડાયા હતા. ડિપાર્ટમેન્ટમાં પણ તેઓ સંશોધન, રીસર્ચ પબ્લિકેશન્સ, પેટન્ટ, શિક્ષણ વિગેરે ક્ષેત્રે તથા વિદ્યાર્થીલક્ષી ઉત્કૃષ્ટ કામગીરી કરી રહ્યા છે. તેઓ ભક્તકવિ નરસિંહ મહેંતા યુનિવર્સિટીના સર્વોચ્ચ સતાધારી બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સહિતના વિવિધ સતાધારી બોર્ડમાંનેક એક્રેડિટેશન, શિક્ષણલક્ષી, વિદ્યાર્થીલક્ષી, નવા યુનિવર્સિટી કોમન એકટ, યુનિવર્સિટીના નવા બનતા પરિસર સંદર્ભેની કામગીરી વહેલી તકે સંપન્ન બને અને યુનિ. પોતાનાં ભવનોમાં કાર્યરત બને તે પ્રાથમિકતા સાથે યુનિવર્સિટીના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેવાનો વાત કરી સૌ શુભેચ્છકોનો આભાર પ્રકટ કર્યો હતો.

વંચિતોનો વિકાસ મહામંત્રને સાર્થક કરતી યોજના એટલે ટેલેન્ટ પુલ નિર્માણ યોજના

# જૂનાગઢ જીલ્લામાં ટેલેન્ટ પુલ નિર્માણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં રૂા.૨૫ લાખની સહાય ચૂકવાઈ

**આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં શિક્ષણ આપવાનો છે : ધો.૫ તથા ધો.૧૦ માં પ્રથમ કે બીજા વર્ગમાં પાસ થનાર વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષા લઈ મેરીટના આધારે પ્રવેશ મળે છે**

જૂનાગઢ, તા.૮

વંચિતોના વિકાસ મહામંત્રને સાર્થક કરતી યોજના એટલે ટેલેન્ટ પુલ નિર્માણ યોજના. આ યોજના અન્વયે જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રૂા.૨૫ લાખની સહાય સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવી છે. અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટે અનેક નિર્ણયો તેમજ યોજનાઓના અમલ થકી આ જાતિના યુવાનો ડોકટર, એન્જિનિયર, પાયલોટ બનવાના સપનાઓ સાકાર કરી રહ્યા છે.ટેલેન્ટ પુલ નિર્માણ યોજનાનું મુખ્ય ઉદ્દેશ અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં શિક્ષણ આપવાનું છે.જે અન્વયે જૂનાગઢ જિલ્લામાં ૩ વિધાર્થીઓ આ યોજનાનો લાભ લઈ રહયા છે. અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે રાજ્ય સરકાર શ્રી દ્વારા ટેલેન્ટ પુલનું નિર્માણ યોજના અમલમાં મુકવામાં આવી છે. જે અંતર્ગત વિદ્યાર્થી દીઠ રૂા. ૪૦ હજારની સહાય ચુકવવામાં આવે છે. આ યોજના અન્વયે મુખ્ય ઉદ્દેશઅનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ પુલ નિર્માણ યોજનાનો ઉદ્દેશ ઓછામાં ઓછા ૩૩૦ મેઘાવી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાનું શિક્ષણ તેમજ સુવિધાઓ મળે અને ઉત્તમ કક્ષાની નામાંકિત શાળાઓમાં પ્રવેશ અપાવવીને અન્ય સમાજની હરોળમાં બરોબરી કરી શકે અને તેઓ પુરા આત્મવિશ્વાસથી ઊભા રહી શકે તે માટે કાર્યરત કરવામાં આવી છે.

આ યોજના માટે આવક મર્યાદા વાર્ષિક આવક રૂા.૨,૦૦,૦૦૦ સુધીની હોય તેમના બાળકોને આ યોજનાનો લાભ રૂપે રૂા. ૪૦,૦૦૦ મળવાપાત્ર થશે. તેમજ જેમની આવક રૂા.૨,૦૦,૦૦ થી રૂા.૩,૦૦,૦૦૦ સુધીની હોય તેને થનાર ખર્ચના ૫૦ ટકા રકમ પોતે ભોગવવાની રહેશે. જ્યારે પાત્રતાની વાત કરીએ તો અનુસૂચિત જાતિના ધોરણ ૫ તથા ધોરણ ૧૦ માં પ્રથમ કે બીજા વર્ગમાં પાસ થયેલા વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષા ગોઠવીને તેમાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવીને મેરિટમાં આવનાર વિદ્યાર્થીઓને ટેલેન્ટ પુલની યોજના હેઠળ પસંદગી હેઠળ પસંદ કરેલી શાળાઓમાં પ્રવેશ આપવાનો રહેશે. તેમજ શાળા સંલગ્ન છાત્રાલયમાં અભ્યાસ કરતા હોવા જોઈએ. અરજી સમયે ઉમેદવારોએ આવકનો દાખલો, જાતિનો પુરાવો, આધાર કાર્ડ અને શાળા છોડયાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહે છે.

-ખાસ લેખ સંકલન : ક્રિષ્ના સીસોદિયા

# શ્યામ મહિલા મંડળ જૂનાગઢની વાર્ષિક મીટીંગ યોજાઈ




જૂનાગઢ, તા.૮

શ્યામ વાડી ખાતે આ વરસની પ્રથમ મિટિંગ મળી હતી જેમાં ગયા વરસનો અહેવાલ તેમજ ગયા વરસનો નાણાકીય હિસાબ રજૂ કરવામાં આવ્યો હતો તેમજ ડિસટીક કોઓરડીનેટર આશીર્વાદ ફાઉન્ડેશન અમદાવાદ તરફથી જાગૃતિ અભિયાનના ડો.વર્ષાબેન રાદડિયાએ બહેનોમાં થતા વિવિધ પ્રકારના કેન્સરની માહિતી આપી હતી તેમજ સ્તન કેન્સરના નિદાન માટેના સાધનની મદદથી તપાસ કરવા બાબતની માહિતી આપી હતી અને મહિલા મંડળની બહેનો સાથે પ્રશ્નોતરી કરી હતી અને કેન્સની બિમારી વિષે સંપૂર્ણ માહીતગાર કર્યા હતા. આ ઉપરાંત ડો.પ્રતિક ટાંકના ધર્મપત્ની ડો.ફોરમબેન માસ્ટર ઈન ટમેટોલોજીની ડીગ્રી પ્રાપ્ત કરલ હોય તેઓને આ મિટિંગમાં આમંત્રિત કરી તેમનું પણ સન્માન કરવામાં આવેલ અને તેઓએ પણ સ્કીન ઉપર પ્રવચન આપેલ અને બહેનો સાથે પ્રશ્નોતરી કરેલ. મિટિંગમાં પ્રમુખ મીનાબેન ગોહેલ નવા વર્ષની પ્રથમ મીટીંગ હોય સર્વને શુભેચ્છા પાઠવી, આગામી ૨૦૨૫ ના વર્ષમાં મહિલાઓમાં રહેલી સુષુપ્ત શક્તિને પ્રોત્સાહન મળે તેવા કાર્યો કર્મો કરવાની માહિતી આપી હતી મંત્રી અરૂણાબેન ભાલીયા કન્વિનર કિશોરભાઈ ચોટલીયા અને ભરતભાઈ ભાલીયાએ પ્રસંગોચિત પ્રવચનો આપેલા. ઉપરોક્ત કાર્યક્રમનુ સંચાલન કન્વીનર કિશોરભાઈ ચોટલીયા દ્વારા તથા આભારવિધિ મંત્રી શ્રીમતી અરૂણાબેન ભાલીયા દ્વારા કરવામાં આવેલ હતી મિટિંગના અંતે સતાધાર મહંત શામજીબાપુની આરતીકરી દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવેલ હતી અને મિટિંગ પુર્ણ થયા બાદ ભજીયાની મોજ માણી કાર્યક્રમ પુર્ણ કરેલ હતો.

# CREDAI ગાંધીનગર દ્વારા ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન ટ્રાઈ-સિટી પ્રોપર્ટી ફેસ્ટનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૮

કોન્ફેડરેશન ઓફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (CREDAI) ગાંધીનગર દ્વારા ૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ ટ્રાઈ-સિટી પ્રોપર્ટી ફેસ્ટનું આયોજન કરવામાં આવેલ છે, જે બુમિંગ ટ્રાઈ સિટી ગાંધીનગર, અમદાવાદ અને ગિફ્ટ સિટીના રિયલ એસ્ટેટના શ્રેષ્ઠ એકમોનું પ્રદર્શન કરશે.

આ ઈવેન્ટમાં ૬૫ ટોચના ડેવલપર્સ દ્વારા ૧૨૦ થી વધુ પ્રોજેક્ટ એક છત નીચે દર્શાવવામાં આવશે, જે સંભવિત ઘર ખરીદનારાઓ અને રોકાણકારો માટે અનન્ય પસંદગીના વિકલ્પો પ્રદાન કરશે. આ ફેસ્ટમાં ઓન-ધ-સ્પોટ હોમ લોન મંજૂરી, રૂા.૧ લાખ સુધીના ડિસ્કાઉન્ટ સાથે ઈન્સ્ટન્ટ ઑફર્સ, દર એક કલાકે લકી ડ્રો સહિતના આકર્ષણો પ્રદાન કરશે. આ ઉપરાંત મુલાકાતીઓ મેગા લકી ડ્રોમાં ભાગ લઈ શકે છે, અને ન વેચાયેલી ઈન્વેન્ટરીના સ્ટોલ સુધી પહોંચી શકશે, જે ખરીદદારો માટે એક સુવર્ણ તક બનશે.

પ્રવીણ પટેલ, CREDAI ગાંધીનગરના ચેરમેને જણાવ્યું હતું કે, "ગાંધીનગર, અમદાવાદ અને ગિફ્ટ સિટીને સમાવેશ કરતો ટ્રાઈ-સિટી વિસ્તાર અમર્યાદિત વ્યાપારી તકો અને સ્થળાંતર કરનારાઓના ધસારાને કારણે દેશમાં સૌથી ઝડપથી વિકસતા પ્રદેશોમાંનો એક છે. ટ્રાઈ-સિટી પ્રોપર્ટી ફેસ્ટ એ પ્રદેશની શ્રેષ્ઠ અને સૌથી આશાસ્પદ રિયલ એસ્ટેટ ઑફરનું પ્રદર્શન કરવા અને સાક્ષી બનવા માટેનું યોગ્ય સ્થળ છે. ડેવલપર્સ મોટી સંખ્યામાં ખરીદદારો સાથે જોડાઈ શકે છે, અને ખરીદદારો તેમના બજેટ અને જરૂરિયાતને અનુરૂપ વિવિધ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ જોઈ શકશે."

૮,૬૫૦ ચોરસ મીટર જગ્યામાં ફેલાયેલું, ટ્રાઈ-સિટી પ્રોપર્ટી ફેસ્ટ ૩૦,૦૦૦ થી વધુ મુલાકાતીઓને આકર્ષે તેવી અપેક્ષા છે, જે રિયલ એસ્ટેટ માટે ઝડપથી ઉભરતું હોટસ્પોટ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સમૃદ્ધ બિઝનેસ ઈકોસિસ્ટમ અને ફાસ્ટ-ટ્રેક કનેક્ટિવિટી દ્વારા સંચાલિત પ્રદેશની વધતી જતી રુચિને પ્રતિબિંબિત કરે છે. આ સ્થળ ૧,૦૦૦ થી વધુ કાર અને ૪૫૦ જેટલા ટુ-વ્હીલર માટે પાર્કિંગની જગ્યા ધરાવે છે.

ગાંધીનગર એક વહીવટી હબ છે, જે ૮૦-મીટર રિંગ રોડ, ન્યુ નોલેજ કોરિડોર, સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ ૨, સેમિકન્ડક્ટર, છૈં, બાયોટેકનોલોજી સહિતના વિવિધ ઉભરતા ક્ષેત્રોમાં રોકાણના પ્રવાહ જેવા પ્રોજેક્ટ્સ દ્વારા વિકાસના માર્ગને પ્રોત્સાહન આપે છે. મેટ્રો રેલ પ્રોજેક્ટને કારણે ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે સારી કનેક્ટિવિટી પણ રાજયની રાજધાનીમાં રિયલ એસ્ટેટ માર્કેટને બુટ કરશે તેવી અપેક્ષા છે. GIFT સિટી, ભારતનું એકમાત્ર ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર (IFSC) છે, જે રોકાણ તક માટે ઉભરી આવ્યું છે, અને કેટલીક મોટી વૈશ્વિક કોર્પોરેશનો અને નાણાકીય સંસ્થાઓને આકર્ષિત કરે છે. અમદાવાદ, તેના કોસ્મોપોલિટન કલ્ચર, મેટ્રો રેલ અને મ્ર્ૈજી જેવા વિકસતા શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ગુજરાતના સૌથી મોટા રિયલ એસ્ટેટ માર્કેટ સાથે ગાંધીનગર અને ઁૈંહ્લ સિટીને સંપૂર્ણ રીતે પૂરક બનાવે છે.

જશુ પટેલ, CREDAI ગાંધીનગરના પ્રેસિડેન્ટે આ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે, "પ્રોપર્ટી ફેસ્ટ ભારતના સૌથી ઝડપથી વિકસતા રિયલ એસ્ટેટ માર્કેટમાં ટ્રાઈ-સિટીના પરિવર્તનને પ્રકાશિત કરશે. ઉમદા કનેક્ટિવિટી, વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉભરતા અર્થતંત્ર સાથે, આ વિસ્તાર ઘર ખરીદનારાઓ અને સંભવિત રોકાણકારો માટે આદર્શ સ્થાન છે. આ વિસ્તારમાં પ્રોપર્ટી માર્કેટમાં રોકાણ કરવા અને વિકાસનો લાભ લેવાનો આ યોગ્ય સમય છે."

ટ્રાઈ-સિટી પ્રોપર્ટી ફેસ્ટ વિવિધ બજેટ પ્રમાણે રહેણાંક અને કોમર્શિયલ સેગમેન્ટમાં મિલકતોની શ્રેણીનું પ્રદર્શન કરશે. સાત બેંકો પણ પ્રોપર્ટી ફેસ્ટમાં ભાગ લઈ રહી છે, રસ ધરાવતા ખરીદદારો માટે સ્થળ પર જ મંજૂરીની ખાતરી આપે છે. સંલગ્ન ક્ષેત્રોની પાંચ કંપનીઓ પણ ભાગ લઈ રહી છે. આ ફેસ્ટ ગાંધીનગરમાં PDEU મેટ્રો સર્કલ પાસે ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન યોજાશે.

# અદાણી ગ્રૂપની પેટ્રોકેમિકલ સેક્ટરમાં એન્ટ્રી, ઈન્ડોરમા સાથે સંયુક્ત સાહસ

**VPLની પ્રાથમિકતા રિફાઈનરી, પેટ્રોકેમિકલ અને કેમિકલ બિઝનેસની સ્થાપના**

અમદાવાદ, તા.૮

અદાણી ગ્રુપ હવે પેટ્રોકેમિકલ સેકટરમાં પ્રવેશવા જઈ રહ્યું છે. ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની આગેવાની હેઠળના જૂથે થાઈલેન્ડની ઈન્ડોરમા રિસોર્સિસ લિમિટેડ સાથે ભાગીદારીકરી છે. અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડની પેટાકંપની અદાણી પેટ્રોકેમિકલ્સ લિમિટેડે ઈન્ડોરમા રિસોર્સિસ લિમિટેડ સાથે કરેલા સંયુક્ત સાહસને વેલોર પેટ્રોકેમિકલ્સ લિમિટેડ (VPL) નામ આપવામાં આવ્યું છે. આ સંયુક્ત સાહસમાં અદાણી પેટ્રોકેમિકલ્સ અને ઈન્ડોરમાનો ૫૦-૫૦ ટકા હિસ્સો રહેશે.

વેલોર પેટ્રોકેમિકલ્સ લિમિટેડ (VPL)નું પ્રાથમિક કાર્ય રિફાઈનરી, પેટ્રોકેમિકલ અને કેમિકલ બિઝનેસની સ્થાપના કરવાનું છે. અદાણી પેટ્રોકેમિકલ્સની સ્થાપનારિફાઈનરીઓ, પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ, વિશેષ રાસાયણિક એકમો અને હાઈડ્રોજન પ્લાન્ટ્સ વિકસાવવા કરવામાં આવી હતી.આ પ્રોજેકટ્સ બહુવિધ તબક્કામાં શરૂ કરવાની યોજના ધરાવે છે. અદાણી ગ્રુપે બંદરો અને ઉર્જા ક્ષેત્રને લગતા વ્યવસાય ઉપરાંત આ ક્ષેત્રમાં વિસ્તરણ કરવાના ઉદ્દેશ્ય સાથે આ પગલું ભર્યું છે.

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ ૨૦૨૨માં કહ્યું હતું કે, અદાણી ગ્રૂપ ગુજરાતમાં પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સમાં ઈ૪ બિલિયનથી વધુનું રોકાણ કરવાનીયોજના ધરાવે છે. આ પ્રોજેક્ટ હેઠળ પ્રથમ તબક્કામાં ૨૦૨૬ સુધીમાં ૧ મિલિયન ટનનો પીવીસી પ્લાન્ટ વિકસાવવામાં આવશે. ત્યારબાદ બીજા તબક્કામાંસમાન ક્ષમતાનું એક યુનિટ ૨૦૨૭ ની શરૂઆતમાં કાર્યરત કરવામાં આવશે.

અદાણી પેટ્રોકેમિકલ્સ ગુજરાતના મુન્દ્રામાં પેટ્રોકેમિકલ ક્લસ્ટર વિકસાવી રહી છે, જેમાં પીવીસી પ્લાન્ટનો પણ સમાવેશ થાય છે.

આ પ્લાન્ટની કુલ કિંમત આશરે રૂા.૩૫,૦૦૦ કરોડ હોવાનો અંદાજ છે, તે ભારતની સૌથી મોટી પીવીસી ઉત્પાદન સુવિધા હોવાનુંમાનવામાં આવે છે. મુન્દ્રા પેટ્રોકેમિકલ્સ લિમિટેડને ૨૦૨૧માં ગુજરાતના કચ્છ જિલ્લામાં ગ્રીનફિલ્ડ કોલ-ટુ-પીવીસી પ્લાન્ટ સ્થાપવા માટે અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ (AEL) ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની તરીકે સામેલ કરવામાં આવી હતી.

અદાણી ગ્રૂપે અગાઉ જર્મન કેમિકલ જાયન્ટ મ્છજીહ્વ સાથે ગુજરાતના મુન્દ્રામાં કેમિકલ ફેકટરી સ્થાપવા માટે ભાગીદારી કરી હતી.જેમાં વીજળીની જરૂરિયાતોને પહોંચી વળવા પવન અને સૌર પાવર પ્લાન્ટની સુવિધા પણ વિકસાવવામાં આવશે. દેશની સૌથી મોટી બિઝનેસ ઈક્યુબેટર અદાણી એન્ટરપ્રાઈઝ એનર્જી, ઈન્ફ્રાસ્ટ્રકચર યુટિલિટી, ટ્રાન્સપોર્ટેશન અને લોજિસ્ટિક્સ જેવાવિવિધ ઉદ્યોગિક ક્ષેત્રોમાં કામ કરે છે.

# ટાટા કેમિકલ્સ લિમિટેડે આર પ્રભાકર મેમોરિયલ ૨૪મી ઓપન સૌરાષ્ટ્ર હાફ મેરેથોનનું આયોજન કર્યુ

(પ્રતિનિધિ દ્વારા)

મીઠાપુર, તા.૮

ટાટા કેમિકલ્સ લિમિટેડે મીઠાપુરમાં આર. પ્રભાકર ઓપન સૌરાષ્ટ્ર હાફ મેરેથોનની ૨૪મી એડિશનનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. સ્વ. આર. પ્રભાકરના વારસાને સન્માનિત કરતા કંપનીએ સ્થાનિક સમુદાયમાં આરોગ્ય અને તંદુરસ્તીને પ્રોત્સાહન આપ્યું હતું. મીઠાપુરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ત્રણ રેસ કેટેગરીઝ હતીઃ હાફ મેરેથોન, ૧૦ કિલોમીટર રન અને ૫ કિલોમીટર ફન રેસ જેમાં તમામ વયજૂથ અને પૃષ્ઠભૂમિના સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સવારે છ વાગ્યે શરૂ થયેલી આ મેરેથોનમાં સ્થાનિક સમુદાયના ૨૨૮ લોકો સહિત ૪૩૯ લોકોએ ભાગ લીધો હતો. આરોગ્ય, તંદુરસ્તી અને એકતાને પ્રોત્સાહન આપવા માટે તેઓ બીજા અનેક સામુદાયિક સભ્યો સાથે જોડાયા હતા. સહભાગીઓએ અનેરો ઉત્સાહ દર્શાવ્યો હતો અને સ્થિતિસ્થાપકતા તથા સામૂહિક સુખાકારીની ભાવના પુનઃસ્થાપિત કરી હતી.

એન. કામથ દ્વારા હાફ મેરેથોનને ફલેગ ઓફ કરવામાં આવી હતી જેને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. વિવિધ બેકગ્રાઉન્ડના સહભાગીઓ સામુદાયિક સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે સાથે આવ્યા હતા. દરેક રનરને મેડલ અને સન્માનપત્ર આપવામાં આવ્યું હતું અને આ મહત્વની વાર્ષિક પરંપરામાં ઉત્સાહભેર ભાગ લેવાબદલ અને આરોગ્ય તથા ફિટનેસ માટે તેની પ્રતિબદ્ધતાની ઉજવણી કરવામાં આવી હતી. ૨૧ કિમી કેટેગરીમાં પ્રવીણ કશ્યપ વિજેતા બન્યા હતા જેમણે ૧:૧૭:૨૪ના પ્રભાવશાળી સમયમાં આ રેસ પૂરી કરી હતી. જયરાજસિંહ જાડેજા ૧:૨૨:૧૬ના સમય સાથે બીજા ક્રમે રહ્યા હતા.

આ કાર્યક્રમની સફળતા અંગે ટાટા કેમિકલ્સ લિમિટેડના ચીફ મેન્યુફેક્ચરિંગ ઓફિસર એન. કામથે જણાવ્યું હતું કે આર. પ્રભાકર ઓપન સૌરાષ્ટ્ર હાફ મેરેથન એક રેસ કરતાં કંઈક સવિશેષ બની ગઈ છે. તે પ્રભાકરના વારસાની ઊજવણી કરે છે અને આરોગ્ય તથા સુખાકારી માટે અમારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે અને આપણને સૌને સાથે મળીને ઉત્કૃષ્ટતા હાંસલ કરવા માટે પ્રેરણા આપે છે.

આ મેરેથોન થકી સુખાકારી અને એકતાને પ્રોત્સાહન આપવામાં અમે ગર્વ અનુભવીએ છીએ. આ રેસ વિવિધ બેકગ્રાઉન્ડના સહભાગીઓને સાથે લાવે છે અને તેમનામાં જોડાણ તથા સહિયારા હેતુની ભાવનાને પ્રોત્સાહન આપે છે. અમે રમતની સિદ્ધિઓની ઉજવણી માટે જ નહીં પરંતુ આપણા સમુદાયમાં સંબંધોને મજબૂત બનાવવા માટે પણ પ્રતિબદ્ધ છીએ અને સુનિશ્ચિત કરીએ છીએ કે અમે આરોગ્ય અને સુખાકારી માટેની આપણી સફરમાં એકબીજાને ટેકો આપવાનું ચાલુ રાખીશું.




૧૯૯૫માં તેના લોન્ચિંગથી આ મેરેથોન સામુદાયિક ભાવનાના નિર્માણ અને તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટેનું એક મહત્વનું પ્લેટફોર્મ બની રહી છે. એક રમતના કાર્યક્રમથી આગળ વધીને આ વાર્ષિક ઉજવણી સમુદાયના સભ્યોમાં જોડાણ અને બંધુત્વની ભાવનાને પોષવા માટે ટાટા કેમિકલ્સની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# જૂનાગઢની બહાઉદ્દીન સરકારી વિજ્ઞાન કોલેજમાં વિદ્યાર્થીઓ માટે પાંચ દિવસીય "ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ" કાર્યક્રમ યોજાયો






(પ્રિતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

૩જી જાન્યુઆરી ૨૦૨૫થી બહાઉદ્દીન સરકારી વિજ્ઞાન કોલેજ, જૂનાગઢ ખાતે આંત્રપ્રિનોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા(**EDII**), અમદાવાદ અને ગુજરાત સરકારના કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીના સહયોગથી ૩૦મી ડિસેમ્બર ૨૦૨૪થી વિદ્યાર્થીઓ માટે પાંચ દિવસીય "ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ" કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કુલ ૧૦૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તાલીમ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને "સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી" અંતર્ગત ઉદ્યોગસાહસિક સાહસોને આગળ ધપાવવા માટે જરૂરી કૌશલ્યો, જ્ઞાન અને માનસિકતાથી પ્રેરિત અને સજ્જ કરવાનો હતો. આ પહેલ યુવાનોમાં ઉદ્યોગસાહસિક ભાવનાને પ્રોત્સાહન આપવા અને ભારતના વધતા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં યોગદાન આપવા માટેના સાધનો પૂરા પાડવાના વ્યાપક પ્રયાસનો એક ભાગ છે. જે વિદ્યાર્થીઓને સાથે અલગ-અલગ વિષયો પર નિષ્ણાત તજજ્ઞો દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને વ્યવસાયની ઓળખ કેવી રીતે કરવી અને તે કેવી રીતે શરુ કરવો તે વિષે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. ચર્ચા કરવામાં આવેલા વિષયો નીચે મુજબ છે. બાદ શક્ય અને વ્યવહારુ બિઝનેસ પ્લાન નક્કી કરેલા મુજબ માપદંડ સબમિટ કરશે તે વિદ્યાર્થીઓ પોતાનો સ્વત્રંત વ્યવસાય શરૂ કરવા રૂા.૪૦,૦૦૦ની ગ્રાન્ટ મળશે.

**કાર્યક્રમની મુખ્ય વિશેષતાઓ**

**ઉદઘાટન સત્ર :** કાર્યક્રમનું ઉદ્ઘાટન ૩૦મી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ, હેતલ પાઠક, સ્ટેટ આંત્રપ્રિનોરશિપ લીડ, **EDII**, ડો. જે.આર.વાંજા, પ્રિન્સિપાલ બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢ, પ્રિન્સિપાલ ડો. ભુવા આર્ટસ અને કોમસ કોલેજ બરવાળા, ડો. રાજીવ ડાંગર, નોડલ ઓફિસર, ડો. નયન સો.ડાંગર, પ્રા. પરમાર, પ્રા. મ્યાત્રા, નાઝિરભાઈ કચ્છી પ્રોગ્રામ ઓફિસર જેવા પ્રતિષ્ઠિત મહેમાનો દ્વારા કરવામાં આવ્યું હતું. આમંત્રિત મહેમાનો એ પોતાના વ્યક્તવ્યમાં વર્તમાન વૈશ્વિક અર્થતંત્રમાં ઉદ્યોગસાહસિકતાનું મહત્વ અને આર્થિક વૃદ્ધિમાં વધારો કરવા યુવાનોની ભૂમિકા અને વ્યવસાયમાં નવીનતા ઉપર ભાર મૂક્યો હતો. નિષ્ણાત તજજ્ઞો, પ્રતિષ્ઠિત ઉદ્યોગ સાહસિકો, ઉદ્યોગ નિષ્ણાતો અને માર્ગદર્શકોને સહભાગીઓ સાથે તેમના અનુભવો શેર કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમને વ્યવસાયની ઓળખ કેવી રીતે કરવી અને તે કેવી રીતે શરૂ કરવો તે વિષે ઊંડાણપૂર્વક સમજ આપી હતી.

પાંચ દિવસની તાલીમમાં અલગ-અલગ વિષયો ઉપર વિદ્યાર્થીઓ સાથે નીચે મુજબના વિષયો ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

- ઉદ્યોગસાહસિકતાના મુખ્ય ઘટકો અને પ્રક્રિયા
- ઉદ્યોગસાહસિકતાના લક્ષણો અને યોગ્યતાઓ
- ગુજરાત એન્ટરપ્રિન્યોરશિપ ઈકો સિસ્ટમને સમજવી
- વ્યવસાયની તકોની ઓળખ અને પદ્ધતિઓ અને પગલાંઓની પસંદગી
- બજાર સર્વેક્ષણની જરૂરિયાત અને તેના સાધનો - તકનીકો
- બિઝનેસ આઈડિયા જનરેશનઃ સર્જનાત્મકતા અને નવીનતા
- બિઝનેસ કોમ્યુનિકેશનઃ વિવિધ હિતધારકો સાથે આંતરવ્યક્તિત્વ સંબંધ
- વ્યવસાય યોજના અને તેના ઘટકોની જરૂરિયાત અને મહત્વ
- નાણાકીય વ્યવસ્થાપન - કાર્યકારી મૂડી અને નફાકારકતા
- માર્કેટિંગ સાધનો અને વ્યૂહરચના
- વ્યવસાય ચલાવવાના કાનૂની અને નૈતિક પાસાઓ
- સફળ ઉદ્યોગસાહસિક સાથેની ક્રિયાપ્રતિક્રિયા
- વ્યાપાર આયોજન, અમલીકરણ અને વ્યવસાય વૃદ્ધિ

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને તેમના પોતાના વ્યવસાય સાહસોની કલ્પના અને આયોજનમાં વ્યવહારૂ અનુભવ આપવા માટેના સત્રો તેઓને ફંડિંગ, સ્કેલિંગ અને વ્યવસાયનું સંચાલન કેવી રીતે કરવું તે અંગેનું માર્ગદર્શન પણ મળ્યું. ઈન્ટરેક્ટિવ સત્રોએ વિદ્યાર્થીઓને પડકારોને દૂર કરવા અને બિઝનેસ જગતમાં તકો મેળવવા માટે વ્યવહારુ પરિપ્રેક્ષ્ય મેળવવામાં મદદ કરી.

**સમર્થન અને સહયોગ :** આ ઈવેન્ટને ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશનરેટ દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું, જે રાજયના વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિને ઉત્તેજન આપવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. ઉદ્યોગસાહસિકતાના વિકાસમાં અગ્રણી, **EDII** અમદાવાદ સાથેના સહયોગથી પ્રોગ્રામના ઉચ્ચ ધોરણો અને સમકાલીન વ્યાપારી વલણો સાથે સુસંગતતાની ખાતરી થઈ.

**વિદ્યાર્થીઓની ભાગીદારી અને પરિણામો :** આ કાર્યક્રમમાં ૧૦૫ થી વધુ વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી જોવા મળી હતી, જેમણે ચર્ચાઓ, જૂથ પ્રવૃત્તિઓ અને કેસ સ્ટડીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઘણા વિદ્યાર્થીઓએ તેમની ઉદ્યોગસાહસિક આકાંક્ષાઓને અનુસરવામાં હેતુ અને આત્મવિશ્વાસની નવેસરથી ભાવના વ્યક્ત કરી, ઘણા વિદ્યાર્થીઓ પહેલેથી જ તાલીમ દરમ્યન ચર્ચા કરાયેલા વિચારોને અમલમાં મૂકવાની યોજના બનાવી રહ્યા છે.

**સમાપ્તિ ટિપ્પણી :** સમાપનના દિવસે, સમાપન સમારોહ યોજાયો હતો. શ્રી હેતલ પાઠકે, **EDII** ના ફેકલ્ટીએ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા અને કાર્યક્રમ દરમિયાન શીખેલા ઉદ્યોગસાહસિકતાના પાઠને આગળ વધારવા પ્રોત્સાહિત કર્યા હતા. તે પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો કે યોગ્ય માનસિકતા, દ્રઢતા અને જ્ઞાન સાથે, દરેક વિદ્યાર્થી સફળ ઉદ્યોગસાહસિક બનવાની ક્ષમતા ધરાવે છે. તાલીમ દરમ્યાન જરૂરી કલાસસરૂમ અને આધુનિક સાધનોની સગવડતા પુરી પાડવા માટે તેમને બહાઉદ્દીન સરકારી વિજ્ઞાન કોલેજ, જૂનાગઢ ના પ્રિન્સિપાલ અને પ્રોફેસરો આભાર વ્યક્ત કર્યો હતો.

**ભાવિ સંભાવનાઓ :** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામે યુવા દિમાગ માટે પરંપરાગત નોકરીની ભૂમિકાઓથી આગળ વિચારવા અને નવીનતા અને ઉદ્યોગસાહસિકતાના માર્ગનું અન્વેષણ કરવા માટે મજબૂત પાયો નાખ્યો છે. **EDII** અને કમિશનરેટ ઓફ હાયર એજ્યુકેશન બંને આવા કાર્યક્રમો ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છે, વિદ્યાર્થીઓ માટે તેમના વિચારોને વાસ્તવિકતામાં ફેરવવા અને રાષ્ટ્રના આર્થિક વિકાસમાં યોગદાન આપવા માટે વધુ તકો ઊભી કરે છે.

# ઉ. શાહિદ પરવેઝ ખાનના-સિતાર, શ્રી શશાંક સુબ્રમણીયમની-બાંસુરી શ્રી અમૃત નટરાજના કંજીરા- અને ઓજસ અઢીયાના તબલાની શુદ્ધ-મધ્યમ-તિવ્ર-કોમળ સ્વરોની લયકારીની અદભુત સંગતિએ "સપ્તસંગીતિના કલાપ્રિયજનો "દિવ્યનાદ"થી અભિભૂત

## ઓજસ અઢીયાના તબલા અને શ્રી અમૃત નટરાજના ખંજીરા એ તાલનો નવો અધ્યાય આલેખ્યો : તા.૭ જાન્યુઆરીના રોજ પ્રથમ સેશનમાં વર્ણા સેવક અને બીજા ચરણમાં ડો. અશ્વિની ભીડે દેશપાંડેનું શાસ્ત્રીય કંઠય સંગીત માણવાનો મોકો મળ્યો









(પંકજ ઝીબા દ્વાર)

રાજકોટ તા.૮

નીઓ ફાઉન્ડેશનની સ્થાપના સમયથી તેની પ્રવૃત્તિઓ તેના ડિરેકટર્સના આર્થિક ફાળાથી શક્ય બની છે અને હાલમાં પણ તેઓનો સંપૂર્ણ આર્થિક તથા વહીવટી સહયોગ મળતો રહે છે. કાર્યક્રમ પાંચમા દિવસના પેટ્રન ઓરબિટ બેરિંગ્સ ઈન્ડિયા પ્રા. લી. ના ડિરેક્ટર શ્રી વિનેશભાઈ પટેલ, શ્રી પંકજભાઈ, શ્રી મુકુંદભાઈ અને સમીરભાઈ તથા યુવા આર્કિટેક શ્રી શૈલી ત્રિવેદીના હસ્તે દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સપ્તસંગીતિ કાર્યક્રમના દિવસ પાંચના પ્રથમ સેશનમાં શારદાબેન રાવના વરિષ્ઠ શિષ્યા ડો.દુલારી માંકડનું શાસ્ત્રીય કંઠય સંગીત માણવા મળ્યું હતું. ડો. દુલારી માંકડે પહેલી પેશકશ રાગ જોગમાં એરી મન ભાયે વિલંબિત એકતાલમાં અને ત્યારબાદ પારંપરિક બંદિશ સાજન મોરે ઘર આયે રજૂ કરી હતી તેમની સાથે તબલાવાદનમાં યુવા કલાકાર અને દુલારીજીના અનુજ બંધુ શ્રી દર્શન માંકડ અને હાર્મોનિયમ વાદનમાં ડો. કુમાર પંડયા સુંદર સાથ આપ્યો હતો. સભાના બીજા ચરણમાં ઈટાવા ઘરાનાની સાતમી પેઢીના એક પ્રતિષ્ઠિત અને વરિષ્ઠ સિતારવાદક ઉ. શાહિદ પરવેઝ ખાનનું સિતારવાદન અને શ્રી શશાંક સુબ્રમણ્યમનું બાંસુરીવાદનની જુગલબંદી માણીને શ્રોતાઓ ધન્ય થયા હતા. ઉસ્તાદજી એ જણાવ્યું કે તેમણે રાજકોટની કલાપ્રિય જનતા વિશે અનેક વખત સાંભળ્યું છે, તો આજે આ મંચ જ ઉપર પ્રસ્તુતિ કરવાનો ખૂબ આનંદ થશે. ઉસ્તાદ શાહિદ પરવેઝ ખાન અને શશાંક સુબ્રમણ્યમ એ પ્રથમ પેશકશમાં તાલ રૂપક સાથે રાગ યમન આલાપ-જોડ સાથે સિતાર અને બાંસુરીની જુલગબંદી સાથે રજૂ કર્યો હતો. ઉસ્તાદજીના સિતારવાદનમાં સ્વરોની શુદ્ધતા, મીંડકારી, સપાટ તાન અને લયકારીની અદભુત ચમત્કૃતિ જોવા મળી હતી. તેમના સિતારવાદનને વધુ રસદાર બનાવવા ગ્રેમી એવોર્ડ નોમીનેટેડ શ્રી શશાંક સુબ્રમણીયમ એ કર્ણાટકી શૈલીમાં બાંસુરીવાદન રજુ કર્યુ હતુ. તેમની સાથે તબલાવાદનમાં શ્રી ઓજસ અઢીયા અને કંજીરાવાદનમાં શ્રી અમૃત નટરાજ એ સાથ નિભાવ્યો હતો અને મહેફીલને ચાર ચાંદ લગાવી દીધા હતા. ઉ. શાહિદ પરવેઝ એ જણાવ્યું હતું કે તેઓની પ્રસ્તુતિમાં પહેલી વખત ખંજીરાનો ઉપયોગ કરાઈ રહ્યો છે. શ્રી અમૃત નટરાજ ખંજીરાની બનાવટ અંગે શ્રોતાગનને માહિતી પુરી પાડી હતી અને રાજકોટની જનતાએ પણ ખંજીરાની પ્રસ્તુતીને ભરપુર તાળીઓ સાથે વધાવી હતી. "એક જાણકારી મુજબ દક્ષિણ ભારતીય કર્ણાટિક સંગીતમાં કંજીરાનો ઉદભવ, તેમજ વાદ્યના આધુનિક સ્વરૂપના વિકાસનો શ્રેય મનપૂંડિયા પિલ્લાઈને જાય છે. ૧૮૮૦ના દાયકામાં, મનપૂંડિયા પિલ્લઈ મંદિરમાં ફાનસ વગાડનાર હતા જેઓ ડ્રમિંગનો અભ્યાસ કરવા માંગતા હતા. તેણે જિંગલ્સની એક જોડી સાથે કંજીરાને ફ્રેમ ડ્રમમાં બદલી અને વાદ્યને ક્લાસિકલ સ્ટેજ પર લાવ્યા." દરેક વાદ્યની એકલ પ્રસ્તુતિ સાંભળવાની અલભ્ય તક શ્રોતાઓને મળી હતી તેમાં પણ ઓજસ અઢિયાના તબલાવાદન અને શ્રી અમૃત નટરાજના ખંજીરાવાદનના તનીઆવર્તનોનો વાર્તાલાપ નાવિન્યસભર રહ્યો હતો. સભાની અંતિમ પ્રસ્તુતિમાં ઉ. શાહિદ પરવેઝ ખાન અને શ્રી શશાંક સુબ્રમણ્યમ એ રાગ ખમાજને મુખ્ય રાખી વિવિધ રાગોનું મિશ્રણ કરી અલગ-અલગ તાલોમાં પ્રસ્તુત કર્યું હતું. કાર્યક્રમના અંતમાં સર્વે કલાકારોનુ નીયો રાજકોટ ફાઉન્ડેશનના સ્વયંસેવકોના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરાયું હતુ. અંતમાં રાષ્ટ્રગાન પછી સભા બરખાસ્ત કરાઈ હતી.

સપ્ત સંગીતિના છઠ્ઠા દિવસે તા. ૦૭ જાન્યુઆરી સેશન ૦૧ : શ્રી વર્ણા જય સેવક દ્વારા શાસ્ત્રીય કંઠય સંગીત રજૂ કરવામાં આવશે. વર્ણાએ શાસ્ત્રીય સંગીતની શિક્ષા નાનપણથી જ દાદાશ્રી પં. અરૂણકાંત સેવક, પં. હરિકાંતભાઈ સેવક તેમજ પિતાશ્રી ડો. જય સેવક પાસેથી મેળવી છે. પ્રાથમિક શિક્ષા શ્રી શરદ દવે પાસેથી મેળવી. તેણીએ શાસ્ત્રીય ગાયનની સ્નાતકની પદવી શ્રી અર્જુનલાલ હિરાણી કોલેજ, રાજકોટ અને અનુસ્નાતકની પદવી બરોડા મ્યુઝિક કોલેજમાંથી હાંસલ કરી છે. આ ઉપરાંત રાજકોટના જાણીતા નૃત્યાંગના શ્રીમતી પલ્લવી વ્યાસ પાસેથી કથક વિશારદની પદવી પ્રાપ્ત કરી છે. તેમની સાથે તબલાવાદનમાં તેમના પિતા અને ગુરૂ ડો. જય સેવક સાથ નિભાવશે. વર્ણા સેવક સાથે હાર્મોનિયમમાં ડો. કુમાર પંડયા સાથ આપશે.

સેશન ૦૨: વિદુષી ડો.અશ્વિની ભીડે દેશપાંડે (ગાયન): ડો.અશ્વિની ભીડે દેશપાંડે જયપુર-અતરોલી ઘરાનાના વરિષ્ઠ ગાયિકા અને ભારતના પ્રથમ હરોળના ગાયકોમાં નામના ધરાવે છે. તેમણે ગાયકીની તાલીમ તેનમા માતૃશ્રી માણિક ભીડેજી પાસેથી મેળવી કે જેઓ ગાન સરસ્વતી કિશોરી આમોનકરજી ના વરિષ્ઠ શિષ્યા હતા. તેઓ માઈક્રો બાયોલોજીમાં અનુસ્નાતકની પદવી ધરાવે છે તેમજ ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર દ્વારા ડોક્ટરેટની ડિગ્રી પણ પ્રાપ્ત કરેલી છે. શ્રી અશ્વીની ભીડે ને બંદીશ અને બંદીશની સ્વર રચનાની ઘનીષ્ઠ સમજ છે. શ્રી અશ્વીની ભીડે ને અનેક એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા છે. તેણી ઉત્તમ ગાયિકા અને સંગીતકાર હોવાની સાથે એક શ્રેષ્ઠ ગુરૂ પણ છે. તેમણે ૨૦૧૯ માં સપ્તસંગીતના મંચને શોભાવ્યું હતું. શ્રી સિધ્ધેશ બિચોલકર (હાર્મોનિયમ): સિધ્ધેશ બિચોલકરે બાળપણથીજ સંગીતની તાલીમ મેળવાની શરૂઆત કરી હતી. ત્યારબાદ વિધિવત રીતે પ્રથમ ગુરૂ સરદ મથકરજી પાસેથી જ્ઞાન મેળવી વિદ્વાન હાર્મોનિયમ ગુરૂ પં. તુલસીદાસ બોરકરજી પાસેથી તાલીમ મેળવી છે. તેમણે દેશ અને વિદેશમાં અનેક કલાકારો સાથે હાર્મોનિયમ સંગતના કાર્યક્રમો પ્રસ્તુત કર્યા છે. જેમાં પંડિત ઉલ્હાસ કશાલકરજી, પંડિત અજય ચક્રવર્તી જી, વિદુષી અશ્વિની ભીડે દેશપાંડે વગેરેનો સમાવેશ થાય છે. તેમણે હાર્મોનિયમ સોલો અને જલતરંગના અનેક કાર્યક્રમો આપેલા છે. હાલમાં તેઓ મુંબઈ ખાતે શારદા સંગીત વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને હાર્મોનિયમની તાલીમ આપી રહ્યા છે. શ્રી યતિ ભાગવત (તબલા): યતિ ભાગવત સંગીતની ધરોહર ધરાવતા પરિવારમાંથી આવે છે તેમના માતૃશ્રી શ્રીમતી સ્મિતા ભાગવત, જયપુર-અતરૌલી ઘરાનાના ભારતીય શાસ્ત્રીય ગાયિકા ઢોંન્ડુંતાઈ કુલકર્ણીજી અને ઠુમરી ગાયક શ્રીમતી શોભા ગુરતુજીના શિષ્ય છે. તેમણે તબલાની પ્રારંભિક તાલીમ શ્રી અમિત પત્તાકર પાસેથી અને ત્યારબાદ પંડિત સૂર્યાકક્ષા દેશપાંડે પાસેથી મેળવી છે. હાલમાં પં. પ્રવીણ કરકરે પાસેથી પણ તાલીમ મેળવી રહ્યા છે. તેઓને અનેક પ્રતિષ્ઠિત એવોર્ડ પ્રાપ્ત થયા છે.આપે દેશના અનેક સંગીત સંમેલનોમાં સ્વતંત્ર વાદન ઉપરાંત સાથસંગત કરી શ્રોતાઓની દાદ મેળવી છે. કૌશર હાજી (વોકલ સપોર્ટ): કૌશર અશ્વિનીજીના શિષ્ય છે જે અશ્વિનીજી સાથે વોકલ સપોર્ટ કરશે.

# રાજગોર બ્રાહ્મણ મહિલા મંડળ જૂનાગઢ દ્વારા ૮ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ઉચ્ચ ડિગ્રી સરસ્વતી સન્માન સમારોહ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮


રાજગોર બ્રાહ્મણ મહિલા મંડળ, જૂનાગઢ દ્વારા ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી ભાઈ બહેનોનો સરસ્વતી સન્માન સમારોહ કાર્યક્રમ તારીખ ૮, જાન્યુઆરી, ૨૦૨૫ ના બુધવારના રોજ સાંજે ૪.૦૦ થી ૭.૦૦ વાગ્યા સુધી રાજગોર બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવન, જૂનાગઢ ખાતે યોજવામાં આવેલ છે. અત્રે એ યાદ આપવું ઘટે કે, મહિલા મંડળ દ્વારા અગાઉ શ્રીમદ્ ભાગવત સપ્તાહનું પણ ભવ્ય આયોજન કરી જ્ઞાતિજનોને લાભ આપેલ હતો. ઉચ્ચ ડિગ્રીના સન્માનનો કાર્યક્રમ પ્રથમ વખત થઈ રહ્યો છે ત્યારે આ સન્માન સમારોહને ચાંપરડાધામ પરમ પૂજ્ય મુક્તાનંદ બાપુ હાલ કુંભના મેળામાં હોય, જેથી વીડિયો કોલ દ્વારા સંમતિ આપી વિદ્યાર્થીઓને આશીર્વાદ આપી કાર્યક્રમને બિરદાવેલ છે. આ સન્માન સમારોહ કાર્યક્રમમાં સ્વામી નિજસ્વરૂપાનંદ સરસ્વતીજી, શિક્ષણવિદ્ ગિજુભાઈ ભરાડ, પૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ જોશી, જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા સાહેબ, ઉદ્યોગપતિ વિનુભાઈ ચાંવ, અકીલાના પત્રકાર વિનુભાઈ જોશી, જ્ઞાતિ અગ્રણી જયેશભાઈ દવે અને વિપુલભાઈ તેરૈયા સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિ આગેવાનો ખાસ ઉપસ્થિત રહેનાર છે. આ કાર્યક્રમ અન્વયે તારીખ ૫, જાન્યુઆરી ૨૦૨૫ ને રવિવારે બીલનાથ મંદિરના પાવન સાંનિધ્યમાં મહિલા મંડળ તેમજ જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં હાજરી આપીને મહિલા મંડળના આ કાર્યક્રમને પ્રોત્સાહિત કરવામાં આવેલ. જૂનાગઢની સમગ્ર રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિને આ સન્માન સમારોહમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા નિમંત્રણ આપવામાં આવેલ છે. કાર્યક્રમ પૂર્ણ થયે તમામ જ્ઞાતિજનો માટે ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. એમ રાજગોર બ્રાહ્મણ મહિલા મંડળના પ્રમુખ મીનાક્ષીબેન મહેતાની યાદી જણાવે છે.

# માણાવદરમાં ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન યુવાનનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૮

માણાવદરના બાવાવાડી વિસ્તારમાં રહેતા યુવાને કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું માણાવદર પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસ મથકે પ્રવીણગીરી પ્રેમગીરી અપારનાથીએ જાહેર કરેલ કે પોતાના મૃતક પુત્ર આશીષભાઈ(ઉ.વ.૩૫)એ કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

# ૮ થી ૧૦ જાન્યુઆરી, "પ્રવાસી ભારતીય દિવસ"



ભારતમાં દર વર્ષે "પ્રવાસી ભારતીય દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. ૧૯૧૫માં ભારતનાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પરત ફર્યા હતા. આ જ દિવસને ભારતની સ્વાતંત્ર્ય લડતમાં મહાત્મા ગાંધીજીનાં આગમનનાં દિવસ તરીકે ગણવામાં આવે છે. તેથી આ દિવસને "પ્રવાસી ભારતીય દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ મુખત્વે ૯ જાન્યુઆરીનાં દિવસે ઉજવાય છે. આ દિવસ પ્રવાસી ભારતીયો અને ભારતીય મૂળનાં લોકોનાં યોગદાનને બિરદાવવા માટે ખાસ ઉજવવામાં આવે છે. પ્રવાસી ભારતીય દિવસ એ વિદેશ મંત્રાલય દ્વારા યોજવામાં આવતી મુખ્ય યોજનાઓ પૈકી એક છે જે વિદેશમાં સ્થાયી થયેલા ભારતીયો સાથે જોડાવવા અને સંકળાયેલા રહેવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરો પાડે છે. આ મંચ પ્રવાસી ભારતીયોનાં ભારત પ્રત્યેનાં વિચાર, ભાવનાની અભિવ્યક્તિ, દેશવાસિઓ સાથે સકારાત્મક વાતચીત માટે ઉપલબ્ધ કરવામાં આવ્યો છે. તેનો મુખ્ય ઉદેશ્ય વિશ્વનાં તમામ દેશોમાં પ્રવાસી ભારતીયોનું નેટવર્ક બનાવવું, યુવા પેઢીને પ્રવાસીઓથી જોડવી, વિદેશમાં રહેનાર ભારતીય શ્રમજીવિઓની મુશ્કેલીઓ જાણવી અને તેને દૂર કરવી અને ભારત પ્રત્યે પ્રવાસીઓને આકર્ષિત કરવા અને રોકાણ કરવાની તકો વધારવાનો છે. આ રીતે દેશનો સંબંધ અન્ય દેશો સાથે મજબુત બને છે અને અંતે દેશના વિકાસમાં મદદ મળે છે. જે લોકો વિદેશમાં રહીને કોઈ ન કોઈ ક્ષેત્રમાં કાર્યરત છે તે પોતાનું જ્ઞાન રાષ્ટ્ર સાથે વહેંચીને દેશના લોકોનાં અંગત વિકાસમાં મદદરૂપ થાય છે અને આ રીતે દેશનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. વિદેશમાં રહીને વિભિન્ન ક્ષેત્રોમાં કાર્ય કરતા લોકો દેશની પુંજી છે. એક રીતે તે દેશનો ગર્વ છે માટે તેમના હિત માટે, તેમના યોગદાનને બિરદાવવું જ રહ્યું.

**- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## માણાવદરના સરદારગઢ ગામે બંધ દુકાનમાંથી ૭ હજારની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)


જૂનાગઢ તા.૮

માણાવદર થાણે મુકેશભાઈ વીરજીભાઈ ત્રાંબડીયાએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, તા.૨૪-૧૨-૨૪ના રોજ સાંજના ૭ વાગ્યાથી તા.૨૫-૧૨-૨૪ના સવારના ૭-૧૫ દરમ્યાન ફરીયાદીની દુકાનમાં અજાણ્યા શખ્સ પ્રવેશ કરી થળામાં રહેલ વેપારના ૭ હજારની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### રાજકોટ ખાતે ગિરીશ કોટેચાએ કરેલા આક્ષેપો સામે વળતો પ્રહાર


# ગિરીયા પાસે જૂનાગઢમાં ભ્રષ્ટાચાર કરીને ભેગુ કરેલું બેનંબરી નાણું ઘણું છે : મહેશગીરી

## ‘‘નિર્મલ ખત્રી તમે હરીયા અને ગિરીયાની ગેંગનાં શિકાર બન્યા છો ’’ : મહેશગીરી



જૂનાગઢ તા.૮

ભુતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરી દ્વારા ગઈકાલે એક વિડીયો બનાવી અને લોકો સમક્ષ ઉપસ્થિત થઈ અને ગિરીશ કોટેચાએ રાજકોટ ખાતે યોજેલી પત્રકાર પરીષદ અંગે વળતો જવાબ આપ્યો છે અને ગંભીર પ્રકારનાં આક્ષેપો કરેલ છે. એટલું જ નહી ભુતનાથ મંદિરનાં બ્રહ્મલીન વસંતગીરી બાપુનું જે વિલ જાહેર કરવામાં આવ્યું અને તેમાં નિર્મલ ખત્રી ઉર્ફે શીવગીરીને ઉતરાધારી તરીકે નિમણુંક આપી હોવાનો જે ધડાકો કર્યો છે તેની સામેનાં વળતા જવાબમાં મહેશગીરીએ જણાવ્યું હતું કે ગિરીશ કોટેચાએ જૂનાગઢમાં મોટાપાયે ભ્રષ્ટાચાર કરી જૂનાગઢનું જ બેનંબરી નાણું ખુબ ભેગુ કર્યુ છે. અને એટલા માટે તમારે પૈસા ઓછા પડતા હોય તો ગિરીશ કોટેચા પાસેથી લઈ લેવા જણાવેલ છે. ફરી એકવાર મહેશગીરીએ ગિરીશ કોટેચા વિરૂધ્ધ ભ્રષ્ટાચાર કર્યાનાં આક્ષેપ સાથે તોપનું નાળચું માંડતા સનસનાટી મચી ગઈ છે. હાલમાં આ મુદો આજે ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. ભુતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરી બાપુએ એક વિડીયો બનાવ્યો હતો અને તેમાં ખુબ જ સ્ફોટક નિવેદન જારી કર્યુ હતું. સૌ પ્રથમ તો મહેશગીરી બાપુએ જણાવ્યું હતું કે તેઓનાં માતુશ્રીનું તાજેતરમાં અવસાન થયું હોય જેથી તેઓ ૧૦ દિવસ સુધી મિડીયા સમક્ષ કે જાહેર જીવન સમક્ષ આવવા માંગતા ન હતાં. તેમજ યજ્ઞનાં કાર્ય માટે ખુબ જ વ્યસ્ત હોય પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે તેઓને આ વિડીયોનાં માધ્યમથી ઉપસ્થિત થવું પડયું છે. ઘણા લોકોએ તેઓને ફોન કર્યા કે બાપુ રાજકોટ ખાતે ગીરીશ કોટેચાએ એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. અને આ પ્રેસ કોન્ફરન્સમાં વસંતગીરી બાપુનુ વિલ જારી કરી અને વસંતગીરી બાપુએ પોતાની હયાતીમાં નિર્મલ ખત્રી ઉર્ફે શીવગીરીને ઉતરાધરી તરીકે નિમણુંક આપી હોવાનું જાહેર કર્યુ હતું. અને ખુબ આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. ત્યારે લોકોએ કહયું કે બાપુ તમારે પણ જવાબ આપવો જોઈએ. એટલા માટે આજે હું ઉપસ્થિત થયો છું. તેમ જણાવી મહેશગીરીએ વધુમાં જણાવ્યું હતું કે બનાવ જૂનાગઢનો છે, જે કાંઈ થયુ તે ભુતનાથ મંદિરનો ઘટનાક્રમ છે. તેમજ ગીરીશ કોટેચા જૂનાગઢનાં છે. નિર્મલ ખત્રી પણ જૂનાગઢનાં છે તો પછી જૂનાગઢની વાત લઈને રાજકોટ પ્રેસ મિડીયા સમક્ષ ઉપસ્થિત થવાનું શું કારણ છે ? તેવો સવાલ ઉઠાવી મહેશગીરીએ જણાવ્યું હતું કે જૂનાગઢનાં લોકો ગીરીશ કોટેચાને નખશીખ જાણે જ છે. તેનાં કામોથી પણ જાણે છે. અને જૂનાગઢનાં લોકો બધી જ માહિતીથી જાણકાર હોય તેથી જૂનાગઢમાં પત્રકાર પરીષદ યોજવામાં આવે તો જૂનાગઢનાં પત્રકારો ઘણા સવાલો પણ પુછે અને તેનાં જવાબ આપવામાં ગીરીશ કોટેચા ફેં ફેં થઈ જાય એટલા માટે રાજકોટ ખાતે પત્રકાર પરીષદ તેઓ યોજે છે તેવો આક્ષેપ કર્યો હતો. વિશેષમાં મહેશગીરી બાપુએ જણાવ્યું હતું કે વસંતગીરી બાપુની બ્રેઈનની સર્જરી કરાયા બાદ તબીબોએ સર્ટીફીકેટ આપ્યું હતું કે હાલ વસંતગીરી બાપુ કોઈપણ જાતનો નિર્ણય લઈ શકે તેવી તેમની સ્થિતિ નથી. અને આ તમામ બાબતની જાણ ટ્રસ્ટીઓને પણ થયેલી હતી. અને ચેરીટી કમિશ્નરને સઘળી બાબત જણાવવામાં આવેલી છે. રજુઆતો પણ કરેલી છે. અને શીવગીરી ઉર્ફે નિર્મલ ખત્રી તમે પણ જાણો જ છો. તમે આટલા સમય સુધી કેમ ચુપ રહયા ? કેમ ચેરીટી કમિશ્નરમાં રજુઆત ન કરી ? કારણ કે તમારા મનમાં પણ પાપ છે કારણ કે તમે રૂા. ૫૦ હજાર લીધા છે. અને રાજીખુશીથી છુટા થયા હતાં તેવી હકીકત પણ મહેશગીરીએ વિડીયોનાં માધ્યમથી રજુ કરી હતી. વિશેષમાં મહેશગીરીએ વધુમાં જણાવ્યું હતું કે જૂનાગઢમાં એક ગેંગ હરીયાની ગેંગ સક્રીય છે. આ ગેંગ દ્વારા ટેકસીવાળા હોય, ચા વાળા હોય કોઈને રાત્રે બોલાવી લે. મુંડન કરાવી નાખે અને ચેલો બનાવવાની અને જગ્યા પચાવી પાડવાનાં ખેલ પાડવામાં આવી રહયા છે. હરીયા અને ગીરીયાની આ ગેંગને તેઓ ખુલ્લા પાડી રહયા છે. અગાઉ પણ ધર્મની સંપતિ કબ્જે કરવાનાં ખેલમાં વખતો વખત મેં હરીગીરી તેમજ ગિરીશ કોટેચાને ખુલ્લા પાડેલ છે. એટલું જ નહીં વ્યાસ ભુવન તેમજ મયારામ આશ્રમની ધર્મની સંપતિ બાબતે પણ ખુલ્લા પાડયા હતાં. અને તે ભ્રષ્ટાચારીઓનાં હાથમાંથી પાછા મેળવીને જ રહીશ તેમ જણાવ્યું હતું. આ સાથે જ મહેશગીરીએ વધુમાં જણાવ્યું હતું કે ગિરીશ કોટેચા ગાંડો થયો છે તેવું (હસતા.. હસતા..) અગાઉ પણ મેં જાહેર કરેલ છે. આ સાથે જ ગઈકાલે પ્રેસ સમક્ષ ગીરીશ કોટેચાની સાથે ઉપસ્થિત થયેલા શીવગીરી ઉર્ફે નિર્મલ ખત્રીને સખ્ત ચેતવણી આપતા જણાવ્યું હતું કે તમે હાથો બન્યા છો અને તમારી આ પ્રથમ ભુલ છે એટલે માફ કરૂં છું. જો બીજી વાર આવી રીતે પ્રેસ કોન્ફરન્સ કરશો તો તમારે જેલ જવાનો પણ વારો આવશે. આ તમે જે કૃત્ય કર્યુ છે તે બાબતે જો હું પોલીસ ફરીયાદ કરૂં તો તમારે, તમારા સાક્ષીઓએ અને બધાએ જેલમાં જવાનો વારો આવે. પરંતુ આ તમારી પહેલી ભુલ છે એટલે માફ કરૂં છું. ગીરીશને તો અકકલ જેવું છે નહીં. પરંતુ તમે હવે ચેતીને રહેજો. અને મેં તો આ ધર્મ અને સત્યની લડાઈ ચાલુ રાખી છે અને ચાલુ રાખતો રહીશ. મેં જે કાંઈ અગાઉ ભ્રષ્ટાચારીઓનાં ભાંડા ફોડ કર્યા છે અને તેઓને ખુલ્લા પાડવાની કામગીરી કરી છે. એટલે મારી સામે આક્ષેપો થશે, મને કલંક લાગશે પરંતુ મને કાંઈ ફેર પડતો નથી. સત્ય પરેશાન થાય પરંતુ પરાજીત ન થાય તેની પણ મને ખબર છે. હવે આગામી દિવસોમાં શું થશે તે પણ મને ખબર છે. અને ભ્રટાચારીઓ એટલે કે તમારા લોકોનો વિનાશ કરીને જ હું રહીશ તેમ જણાવ્યું હતું. તેમજ હું રાજકારણમાં જવા નથી માંગતો પરંતુ નિર્મલ ખત્રી જો તમારે વધારે પૈસાની જરૂર હોય તો ગીરીશ કોટેચાએ ભ્રષ્ટાચાર કરીને જૂનાગઢમાંથી જ ભેગો કરેલો બેનંબરી નાણું ખુબ છે. અને તેની પાસેથી વધારે લઈ લેજો. અંતમાં મહેશગીરીએ એવું કહયું હતું કે હરીયાએ ભવનાથ અને ગીરીયાએ જૂનાગઢમાં સત્યનાશ વાળ્યું છે ત્યારે જૂનાગઢની પ્રજાએ શું કરવું છે તે હવે નિર્ણય લેવાનો છે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



રોડ ટચ દુકાન / ફલેટ વેચવાનો છે
દાણાપીઠ રોડ ટચ એકદમ મોકાની દરેક ધંધાને અનુરૂપ ૩૦૦ થી ૩૨૫ ફુટની દુકાનો વેચાણથી અથવા ભાડે આપવાની છે તથા માંગનાથ રોડ પર ઉત્સવ પ્લાઝામાં બીજા માળે 2BHK ફલેટ વેચાવ છે. લીફટ સાથે ઈચ્છુક પાર્ટીએ જ સંપર્ક કરવો
મો. ૯૮૯૮૩ ૧૮૦૪૮


# ગિરનાર અંબાજી મંદિર શક્તિપીઠનો સોમવારે પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમથી ઉજવાશે

### પોષી પૂનમ એટલે જગતજનની માં અંબાનો પ્રાગટ્ય દિવસ જન્મ દિવસ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

ગિરનાર પર્વતના ૫૦૦૦ પગથિયે બિરાજમાન માતા અંબાજીના મંદિરે આગામી તા. ૧૩ને સોમવારે પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમથી ઉજવાશે. ૫૨ શક્તિપીઠો પૈકીની એક ઉદયનપીઠ તરીકે ઓળખાતી અંબાજી માતાજીના મંદિરે વહેલી સવારથી શ્રી સૂક્તના પાઠ હોમ હવન અભિષેક ધજારોહણ મહાપ્રસાદનું અનેરૂ આયોજન કરવામાં આવ્યું છે. સોરઠના પ્રભાસ ક્ષેત્રે ગરવાગઢ ગિરનારની ટોચ ઉપર બિરાજમાન જગતજનની માં અંબાનો પ્રાગટ્ય મહોત્સવ યાને પોષી પૂનમ એટલે જગતજનની માં અંબાજી માતાનો પ્રાગટ્ય દિવસ અને માતાજીનો જન્મદિવસ આગામી તારીખ ૧૩જાન્યુઆરી સોમવારના રોજ ધામધૂમથી ઉજવવા પર્વતોના પિતામહ હિમાલયના ઉપર દાદા એવા ગરવાગઢ ગિરનારના ૫૦૦૦ પગથિયા ઉપર બિરાજમાન માતા અંબાજીના પ્રાચીન નિજ મંદિરમાં બિરાજમાન માં અંબાજીનો પ્રાગટ્ય મહોત્સવે મંદિર ટ્રસ્ટ દ્વારા હજારો માઈ ભક્તોની હાજરીમાં માતાજીને વિશેષ સિંગાર સાથે શ્રીસુક્તના પાઠ હોમ હવન ગંગાજળ દૂધથી માતાજીને અભિષેક સાથે નિજ મંદિરના શિખર ઉપર ધ્વજા ચડાવવામાં આવશે. બપોરે મહા આરતી સાથે માતાજીને થાળ ધરીને ભાવિકોને મહાપ્રસાદ પીરસાસે, સવારના ૭ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી માતાજીનો પ્રાગટ્ય ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે. આ મહોત્સવ અંગે વાત કરી તો માતાજીની કુલ ૫૨ શક્તિપીઠો પૈકીની ગિરનાર પર્વત ઉપરની આ શક્તિપીઠ ઉદયનપીઠ તરીકે ઓળખાય છે. અહીં માતાજીના ઉદર પેટનો ભાગ પડેલો છે જેથી ઉદયન પીઠ તરીકે ઓળખાય છે પુરાણ કથામાં ઉલ્લેખ છે તે મુજબ દક્ષ પ્રજાપતિ રાજાએ બ્રહસ્પતિ નામનો એક મહાયજ્ઞનું આયોજન કરેલું જેમાં પ્રજાપતિ દક્ષ રાજાએ બધા દેવોને નિમંત્રિત કરેલા એકમાત્ર પોતાના જમાઈ શિવજીને આમંત્રણ ન આપતા સતિ પાર્વતીજીએ પિતાને ત્યાં આવડો મોટો યજ્ઞ થઈ રહ્યો હોય જેમાં મારા પતિ શિવ શંકરને આમંત્રણ નથી તેમ છતાં માતા યજ્ઞમાં જવા ભગવાન શિવજીની મનાઈ હોવા છતાં માતાજી પહોંચી ગયા અને પિતા દ્વારા પોતાના પતિની નિંદા સહન ન થતાં અત્યંત દુઃખી થયેલા માતા પાર્વતીજીએ યજ્ઞ કુંડમાં પડી જઈને પોતાનો દેહ ત્યાગી દીધો હતો. જે વાતની ભગવાન શિવને જાણ થતા શિવજીએ માતા પાર્વતીના નીસચેતન દેહને ખંભે ઊંચકી તાંડવ કરવાનું શરૂ કરી દેતા સૌ કોઈ દેવતાઓ ડરી ગયા અને ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરી કે હે ભગવાન તમે જ કંઈક કરો નહીં તો સમગ્ર સૃષ્ટિનો સર્વનાશ થઈ જશે ત્યારે ભગવાન વિષ્ણુએ સુદર્શનચક્ર દ્વારા દેવીના શરીરના ૫૨ ટુકડા કરી અને ટુકડા જ્યાં જ્યાં પડ્યા છે તે સ્થળે માતાજીની શક્તિપીઠ નિર્માણ પામી હતી. જેમાંની એક શક્તિપીઠ ગિરનાર પર્વત ઉપર માતા અંબાજીની ઉદયન પીઠ તરીકે ઓળખાય છે. આ વખતનો મહોત્સવ મંદિરના બંને મહંત બ્રહ્મલીન થતા તેમની ગેરહાજરીમાં મંદિરના પૂજારી અને સ્ટાફ દ્વારા અને જિલ્લા વહીવટી તંત્ર કલેકટર, જૂનાગઢ પ્રાંત અધિકારી અને મામલતદારની નીગ્રાનીમાં મહોત્સવ ઉજવવા જઈ રહ્યો છે અને મંદિરના પૂજારીઓ આ અંગેની પૂર્વે તૈયારીઓમાં લાગી ગયા છે.

**અહેવાલ : વિજયભાઈ ત્રિવેદી, જૂનાગઢ પ્રવક્તા, અંબાજી મંદિર, ગિરનાર**


સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ચંદુભાઈ મારવાણીયા
મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪
ઉમીયાજી સીંગતેલ મીની ઓઈલ મીલ
મગફળીનું ડબલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.
શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે, ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.


બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.









દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે



દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો



ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫



૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩



ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮



રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩



વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
‘‘સ્વાદનો એવો જાદુ જાગાવે, વારંવાર મન લલચાવે’’
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ



બેકરી શો-રૂમમાં કામ કરી શકે અનુભવી માણસોની જરૂર છે બહુ જ સારો પગાર મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨